સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

સપ્ટેમ્બર - ૨૦૧૧
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ

## 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ' હેરો-લંડન (તા. ૨૫ થી ૨૯-૮-૨૦૧૧)












હેરો-લંડનને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ' (તા. ૨૫ થી ૨૯-૮-૧૧)



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ :- ૭, અંક :- ૨, તા. ૨૦-૦૯-૧૧**

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**તંત્રી : સાધુ પતિતપાવનદાસજી**

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com




શ્રી સ્વામિનારાયણ ભગવાન



શ્રી ગોપીનાથજી મહારાજ



શ્રી કષ્ટભંજન દેવ મહારાજ

| તિથિ | વાર | તા. | વ્રતો અને તહેવારો |
|---|---|---|---|
| ૩૦ | મંગળ | ૨૭ | પ.પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજનો જન્મ-વડતાલ, સં. ૨૦૪૦. |
| ૨ | ગુરુ | ૨૯ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનો ગાદિ અભિષેક, અમદાવાદ સં. ૨૦૬૦ |
| ૯ | બુધ | ૫ | શ્રી સ્વામિનારાયણ જયંતિ ઉપવાસ |
| ૧૦ | ગુરુ | ૬ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનો જન્મોત્સવ, અમદાવાદ સં. ૨૦૨૮ |
| ૧૧ | શુક્ર | ૭ | પાંશાકુંશા એકાદશી ઉપવાસ |
| ૧૨ | શનિ | ૮ | શ્રી ગોપીનાથજી મહારાજનો વાર્ષિક પાટોત્સવ સં. ૧૮૮૫ |
| ૧૫ | મંગળ | ૧૧ | પૌવા પૂનમ, વ્રતની પૂનમ કોજાગરી પૂનમ (શરદપૂર્ણિમા) |
| ૧૨ | બુધ | ૧૨ | સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ. સં. ૧૮૪૧, ભાદરા |
| ૫ | સોમ | ૧૭ | સારંગપુર શ્રી કષ્ટભંજન દેવનો પાટોત્સવ, સં. ૧૯૦૫ |



પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી
કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ



પ.પૂ. નાનાલાલજી શ્રી
પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ



સ.ગુ.
શ્રી ગુણાતીતાનંદ સ્વામી

## :: અનુક્રમણિકા ::


૧ શિખાનું સવિશેષ મહત્ત્વ !!! શા માટે ? ૦૪
- સાધુ યોગેશ્વરદાસ તથા પા. હરિકૃષ્ણ ભગત ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ પ્યારી લાગે લાલજી કી બતિયાં રે... ૦૮
- સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પા. ભાર્ગવ ભગવ તથા પા. સુહૃદ ભગત - સરધાર

૩ સત્સંગ સમાચાર પત્રિકા... ૨૩
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર

૪ શ્રીમદ્ સત્સંગિજીવન કથા... ૨૫
- સંકલિત

૫ નવદિનાત્મક દિવ્ય સત્સંગ સભાઓ.... મુંબઈ ૨૯
- સંકલિત

૬ શ્રીમદ્ સત્સંગિજીવન કથા મહોત્સવ - જગન્નાથપુરી... ૩૨
- સંકલિત

૭ હરિભક્તોને જાણવો જોગ... જાહેર ખુલાસો ૩૬
- સંકલિત



ભારતીય વૈદિક હિન્દુ ધર્મ સંસ્કૃતિમાં

# શિખાનું સવિશેષ મહત્ત્વ !!! શા માટે ?


સાધુ યોગેશ્વરદાસ તથા
પા. હરિકૃષ્ણ ભગત

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


“શિખા રાખનારા ઘટવા માંડ્યા છે. અને કેટલાક તો કે’વા પૂરતી રાખે છે અર્થાત્ બે-ત્રણ વાળ જેટલી રાખે છે. તેમાંના પણ કેટલાક શિખાની લંબાઈ નો પહોળાઈની હરિફાઈમાં પડી ચોટલાના મોહમાં પડ્યા છે. જે રાખે છે તે પણ શિખાની જુદીજુદી ફેશનને મહત્ત્વ આપે છે. વસ્તુ શા માટે શરૂ થઈ ને તેની પાછળ શી વિચારધારા છે તેને સમજવા માગનારા જ ઓછા છે.”

## હિન્દુ ધર્મ સંસ્કૃતિમાં ઋષિ-મહર્ષિઓ દ્વારા અપનાવેલ સોળ સંસ્કાર માંહિનું એક ‘ચૂડાકરણ’ સંસ્કાર

જન્મથી લઈને મૃત્યુ પર્યંત હિન્દુ ધર્મ સંસ્કૃતિથી અનુપ્રાણિત **માનવજીવન** સંસ્કારોથી સંમિલિત છે. સંસ્કારના માધ્યમથી માનવજીવનને ધર્મપરાયણતાના સૂત્રમાં પરોવવામાં આવે છે. જેથી એને **સુસંસ્કૃત** બનાવવામાં આવે છે. એવી સુસંસ્કૃત સંસ્કૃતિ માત્ર ભારતીય **સનાતન સંસ્કૃતિ** છે. તે સંસ્કૃતિથી સમસ્ત વિશ્વને જ્ઞાન પ્રાપ્ત થયું. વિશેષતઃ ભારતીય વૈદિક દર્શનમાં હિન્દુઓની તથા હિન્દુધર્મને **આસ્થા** પ્રત્યક્ષ યા તો પરોક્ષરૂપથી **વિદ્યમાન** છે. હજારો વર્ષ પહેલા જ્યારે અન્ય દેશોના મનુષ્યો ભોજન અને આશ્રયના ખોજમાં વ્યસ્ત હતા તેનાથી પૂર્વે ભારતીય મનીષી જ્ઞાની ઋષિ મહર્ષિ આદિક એવા અનુસંધાનમાં લાગ્યા હતા કે મનુષ્ય બુદ્ધિમાન બનીને પોતાનું કલ્યાણ કરી શકે. એટલા માટે જ મહર્ષિઓએ **સોળ સંસ્કારો**નું **અનુસંધાન** કર્યું છે. જેની શ્રેષ્ઠતા તથા મહત્ત્વ સંપૂર્ણ વિશ્વએ સ્વીકાર કર્યું છે.

સંસ્કાર (સંસ્કારની ધાર્મિક વિધિ) એ જગતના કોઈપણ **ધર્મ**નું અને તેમાંયે ખાસ કરીને **હિન્દુ ધર્મ**નું **મહત્ત્વપૂર્ણ અંગ** છે. ઈતિહાસના પ્રારંભથી સંસ્કારો ધાર્મિક તથા સામાજિક એકતાનું પ્રભાવક **માધ્યમ** રહ્યા છે. સંસ્કારોના સંબંધ સંપૂર્ણ જીવન સાથે હોવાથી કોઈપણ **સંસ્કૃતિ**ને પૂર્ણ રૂપથી સમજવા માટે **સંસ્કારોનું અધ્યયન** મહત્ત્વપૂર્ણ છે.

‘સંસ્કાર’ શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃત ‘सम्+कृ’ માંથી થઈ છે. જેનો અર્થ શુદ્ધ કરવું, પવિત્ર કરવું, **સંસ્કરણ** કરવું એવો થાય છે. ‘जन्मना जायते शूद्रः संस्काराद् द्विज उच्यते ।’ જન્મથી માણસ **શૂદ્ર** હોય છે. સંસ્કારોથી **દ્વિજ** થાય છે. જેનાથી માણસની રહેણીકરણી, લાગણી, બુદ્ધિ આ બધું સમાજમાં દીપી ઉઠે અને માણસમાં સમાજહિતલક્ષી અને **આધ્યાત્મિક ગુણો** વધે એનું નામ : **‘સંસ્કાર’**

સંસ્કારનો આશય છે **સમ્યક્** કરવું. ભારતીય મહર્ષિઓએ આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિને માટે જીવનનો **મૌલિક ઉપદેશ** કહ્યો છે. અંતઃ જીવનને સુખી બનાવવા માટે, ઉન્નતિને માટે યોગ્યતાને **પ્રખર** બનાવવા માટે જ સંસ્કારોની **આવશ્યકતા** ઉપર બળ મૂક્યું છે. સંસ્કારથી આત્મા-અંતઃકરણની **શુદ્ધિ** થાય છે. એટલા માટે જ ધર્મશાસ્ત્રોમાં **સંસ્કાર**નો ઉલ્લેખ કરાયો છે. બ્રહ્મસૂત્રભાષ્યમાં શંકરાચાર્યજીનું વચન છે કે, ‘संस्कारो हि नाम संस्कार्यस्य गुणाधानेन वा स्यात् दोषापनयनेन वा ।’ (૧/૧/૪) - અર્થાત્ મનુષ્યોમાં ગુણોનું આધાન કરવા અને દોષોને દૂર કરવા માટે કરવામાં આવેલા કર્મોને **‘સંસ્કાર’** કહેવાય છે. વ્યાસસ્મૃતિમાં **‘સોળ સંસ્કાર’**નો **ઉલ્લેખ** છે :-

‘गर्भाधानं पुंसवनं सीमंतो जातकर्म च । नामक्रिया निष्क्रमणोऽन्नाशनं वपनक्रिया ।।
कर्णवेधो व्रतादेशो वेदोरंभ-क्रिया विधिः ।

केशांतः स्नानमुद्वाहो विवाहाग्नि परिग्रहः ।।

त्रेताग्नि संग्रहश्चेति संस्काराः षोडश स्मृताः ।'

(વ્યાસસ્મૃતિ : ૧/૧૩-૧૫)

ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, **ચૂડાકરણ**-ચૌલ, કર્ણવેધ, ઉપનયન-યજ્ઞોપવિત, વેદારંભ, કેશાંત (ગોદાન), વેદસ્નાન (સમાવર્તન), વિવાહ, વિવાહાગ્નિ પરિગ્રહ, ત્રેતાગ્નિ સંગ્રહ એ **સોળ સંસ્કાર** છે.

ચૂડાકરણ સંસ્કાર બળ, આયુ તથા તેજની વૃદ્ધિને માટે કરવામાં આવેલો **આઠમો સંસ્કાર** છે.

'निवर्तयाम्यायुषेऽन्नाद्याय प्रजननाय

रायस्पोषाय सुप्रजास्त्वाय सुवीर्याय ।'

(યજુર્વેદ : ૩/૩૩૧)

અર્થાત્ હે બાળક ! દીર્ઘાયુષને માટે, અન્નગ્રહણમાં સમર્થ બનવા માટે, ઉત્પાદનને માટે, ઐશ્વર્યની વૃદ્ધિને માટે, સુંદર સંતાનને માટે અને બળ તથા પરાક્રમની પ્રાપ્તિને યોગ્ય થવા માટે તારું **ચૂડાકર્મ** કરું છું.

'चूडाकर्म चूडा क्रियतेऽस्मिन् ।' - આ વિગ્રહને અનુસાર ચૂડાકરણ સંસ્કારનો **અભિપ્રાય** એ છે કે તે સંસ્કારમાં બાળકને ચૂડા અર્થાત્ **'શિખા'** (ચોટી) રાખવામાં આવે છે. અમરકોશમાં 'शिखा चूडा शिखण्डस्तु ।' - ઈત્યાદિ શ્લોક અનુસાર ચૂડાનો અભિપ્રાય શિખા રાખવાનો છે. **ગૃહ્ય સૂત્રકારોના મત પ્રમાણે :-**

'अथैनमेकशिखस्त्रिशिखः पञ्चशिखो वा

यथैवैषां कुलधर्मः स्यात् । यथा शिखा निदधात्येके ।'

અર્થાત્ બાળકને કુળધર્મને અનુસાર **શિખા** ધારણ કરાવે વગેરે વચનોથી ચૂડાકરણ **સંસ્કાર**ના સમયમાં શિખા રાખવાનું **વિધાન** કરવામાં આવ્યું છે ચૂડાકરણ સંસ્કારનું **પ્રયોજન** મહર્ષિઓએ બળ, આયુષ્ય અને તેજની વૃદ્ધિ માન્યું છે.

બુદ્ધિ, બળ, આયુ અને તેજની વૃદ્ધિની સાથે શિખાનો શું **સંબંધ** છે ? આ પ્રશ્નને સમજાવવા માટે સર્વપ્રથમ માનવ શરીરની રચનાને સમજવી પડશે, ત્યારે આપણે મહર્ષિઓએ કહેલી વાતોની સચ્ચાઈને આંકી શકીશું. ત્યારે આપણને સમજાશે કે 'दीर्घायुष्ट् वाय बलाय वर्चसे शिखायै वषट् ।' - અર્થાત્ દીર્ઘઆયુષ્ય, બળ અને તેજને માટે શિખાનો સ્પર્શ કરું છું. આ ભગવાન શ્રી **વેદવ્યાસજી**ની **ગંભીરવાણી** સમસ્ત માનવ સમાજને શિખા ધારણ કરવા માટે **પ્રેરણા** દઈ રહી છે. **સ્મૃતિકારોએ પણ કહ્યું છે કે :-**

'सदोपवीतिना भाव्यं सदा बद्धशिखेन च ।

विशिखो व्युपवीतश्च यत्करोति न तत्कृतम् ।।'

અર્થાત્ સદા જનોઈ ધારેલી અને બાંધેલી શિખા રાખવી. અને જો જનોઈ અને બાંધેલી શિખા ન રાખે તો તેણે કરેલું તમામ ધાર્મિક કાર્ય નિષ્ફળ જાય છે.

તમામ ધાર્મિક કાર્યોમાં શિખાનું એટલું બધુ **મહત્ત્વ** કેમ આપ્યું છે ? શું કારણ છે કે શિખા રહિત કે શિખા બાંધ્યા વિના જે કંઈ પણ **ધર્મ-અનુષ્ઠાન** કરવામાં આવે છે તે બધુ **નિષ્ફળ** જાય છે ?

માનવશરીરની **રચના** ઉપર જો ધ્યાન દેવામાં આવે તો સમજાશે કે સમસ્ત શારીરિક પ્રવૃત્તિનું કેન્દ્ર આપણું મસ્તક છે. માનસિક તથા શારીરિક બધી જ પ્રકારની ક્રિયાઓનું સંચાલન મન દ્વારા થાય છે. જો મન સ્વસ્થ છે, સમુચિત શક્તિ સંપન્ન છે તો મનુષ્ય પણ **સ્વસ્થ** રહેતો થકો વેદોમાં કહ્યા પ્રમાણે 'शतं जीवेम शरदः।'ની અનુસાર ન કેવળ **સો વર્ષની આયુષ્ય** પ્રાપ્ત કરી શકે છે. પરંતુ તેનાથી અધિક **દીર્ઘજીવી** થઈ શકે છે. આપણે એ સ્મરણ રાખવું જોઈએ કે દીર્ઘ જીવનનું મૂળ રહસ્યયુક્ત આહાર-વિહાર અર્થાત્ આપણી દિનચર્યાને નિયમ અનુકૂળ બનાવવામાં છૂપાયેલું છે. અને યુક્ત આહાર-વિહારને માટે જ્ઞાનશક્તિ અક્ષુણ્ણ રહેવી અનિવાર્ય છે. તે જ્ઞાનશક્તિને પ્રબળ અને જાગૃત રાખવા માટે ભારતીય મહર્ષિઓએ જે અમોઘ અને પ્રબળ ઉપાયોનો આવિષ્કાર કર્યો છે તેમાં શિખા પણ એક છે.

હરિવંશપુરાણમાં એક **કથા** આવે છે. જેનાથી આપણને જ્ઞાન થાય છે કે, શિખા ન કેવળ **જ્ઞાનશક્તિ**ને ઉત્પન્ન કરે છે. પરંતુ બળ, પરાક્રમ અને તેજની સાથે પણ તેનો **ગાઢ સંબંધ** છે. કહેવાય છે કે મહર્ષિ વસિષ્ઠનો **સગર** નામનો એક વિશ્વવિજયી શિષ્ય હતો. તે સગરના પિતાને પશ્ચિમ દેશના કેટલાક રાજાઓએ મળીને મારી નાખ્યાં. સગરે પિતાના મૃત્યુનો બદલો લેવા **પ્રતિજ્ઞા** કરી. અને એ રાજાઓનો વિનાશ કરવાનો **આરંભ** કર્યો. તે રાજાઓએ વ્યાકુળ થઈને મહર્ષિ વસિષ્ઠનું શરણું સ્વીકાર્યું. અને એમને પ્રાણરક્ષાની પ્રાર્થના કરી. વસિષ્ઠએ એમને **અભયદાન** આપ્યું અને સગર રાજાને બોલાવીને રાજાઓને મારવાની ના પાડી. ત્યારે સગર રાજાએ કહ્યું : ''મેં એ રાજાઓને મારી નાખવાની **પ્રતિજ્ઞા** કરી છે. માટે હું **ધર્મસંકટ**માં મૂકાયો છું. જો ન મારું તો મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય અને મારું તો ગુરુની આજ્ઞા લોપાય. હવે આપ જ બતાવો કે હું શું કરું ?'' ત્યારે મહર્ષિ વસિષ્ઠએ વિચારીને કહ્યું : ''તે રાજાઓને શિખાની સાથે મુંડન કરીને છોડી દે.'' ત્યારે સગર રાજાએ તેમને **શિખા સહિત મુંડન** કરીને છોડી મૂક્યા. આ જોઈને લોકોને આશ્ચર્ય થયું કે, શિખા છેદન પછી તે રાજાઓ બિલકુલ **પ્રભાવશૂન્ય** અને **નિર્જીવ** થઈ ગયા હતા. આવી રીતે સગર રાજાએ પોતાની પ્રતિજ્ઞા

પૂર્ણ કરી અને ગુરુની આજ્ઞા પણ પાળી.

અહીં **સારાંશ** એ છે કે, શિખા વિજ્ઞાન જાણવાવાળા મહર્ષિઓની દૃષ્ટિએ તેઓ **શિખાછેદનને મૃત્યુથી** ઓછું સમજતા ન હતા. એટલા માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ સંતોના નિઃસ્નેહી વર્તમાનને નિરુપતા **'શ્રી સત્સંગિજીવન'** ગ્રંથમાં **ધર્મામૃત**માં કહે છે : 'શિખાએ વર્જીત (શિખાને યથાવત રાખીને જ) **મુંડન** કરાવે.' (૪/૬૫/૩૦)



વૃદ્ધ પરાશર સંહિતામાં **સ્પષ્ટ આજ્ઞા** છે કે, મસ્તક પર શિખા અને વામસ્કન્ધ પર જનોઈ વિના જે કંઈ **ધર્મ-કર્મ** કરવામાં આવે છે તે સઘળા **નિષ્ફળ** થઈ જાય છે. શિખાસૂત્રવિહીન **વ્યક્તિ**ને વેદાધ્યયન, યજ્ઞયાગ અને અન્ય ધર્મ-કર્મ કરવાનો **અધિકાર** નથી.

વૃદ્ધ પરાશર સંહિતામાં **સ્પષ્ટ આજ્ઞા** છે કે, મસ્તક પર શિખા અને વામસ્કન્ધ પર જનોઈ વિના જે કંઈ **ધર્મ-કર્મ** કરવામાં આવે છે તે સઘળા **નિષ્ફળ** થઈ જાય છે. શિખાસૂત્રવિહીન **વ્યક્તિ**ને વેદાધ્યયન, યજ્ઞયાગ અને અન્ય ધર્મ-કર્મ કરવાનો **અધિકાર** નથી.

## શિખા શા માટે બાંધવામાં આવે છે ?

શાસ્ત્રીય સ્વરૂપ :

૧. 'सदोपवीतिना भाव्यं सदा बध्धशिखेन च ।' - સદૈવ યજ્ઞોપવિત ધારણ કરે અને શિખા બાંધીને રાખે.

૨. 'गायत्रीमन्त्रेण शिखां बध्धवा ।' - શિખા બાંધીને ધાર્મિક કાર્ય કરવું.

૩. 'विसृजेन्न शिखां पथि ।' - રસ્તામાં શિખા છૂટી કરીને ચાલવું નહિ.

૪. 'चिद्रूपिणि ! महामाये ! दिव्यतेजः समन्विते । तिष्ठ देवि शिखामध्ये तेजोवृद्धिं कुरुष्व मे ।।' - (નિત્યકર્મ-પૂજાપ્રકાશ : પેજ નં. ૩૫, પ્ર. ગીતાપ્રેસ)

૫. 'स्नाने दाने जपे होमे संध्यायां देवतार्चने । शिखाग्रन्थिं विना कर्म न कुर्याद् वै कदाचन ।।' - (નિત્યકર્મ-પૂજાપ્રકાશ : પેજ નં. ૩૫, પ્ર. ગીતાપ્રેસ)

## શિખા શા માટે રાખવી ?

શાસ્ત્રીય સ્વરૂપ :

૧. 'यशसे श्रियै शिखा ।' - યશ અને શોભાને માટે શિખા ધારણ કરો.

૨. 'सदोपवीती चैव स्यात् सदा बद्धशिखो द्विजः । अन्यथा यत्कृतं कर्म तद् भवत्ययथाकृतम् ।।'
(ઔશનસ સ્મૃતિ : ૧/૭, કૂર્મપુરાણ : ઉ. ૧૨/૭)

૩. 'सदोपवीतिना भाव्यं सदा बद्धशिखेन च । विशिखो व्युपवीतश्च यत्करोति न तत्कृतम् ।।'
(કાત્યાયનસ્મૃતિ : ૧/૪)

૪. 'विना यज्ञोपवीतेन विना बद्धशिखेन च । विशिखव्युपवीतेन यत्कृतं नैव तत्कृतम् ।।'
(વ્યાઘ્રપાદસ્મૃતિ : ૧૯૯)

અર્થાત્ બ્રાહ્મણે સદા **જનોઈ** ધારણ કરવી જોઈએ અને **શિખા** બાંધીને રાખવી જોઈએ. જનોઈ અને શિખા વિના જે પણ **યજ્ઞાદિ પુણ્યકર્મ** કરવામાં આવે છે, તે બધું **નકામું** થઈ જાય છે.

૫. 'अथ चेत् प्रमादान्निशिखं वपनं स्यात् तत्र कौशीं शिखां ब्रह्मग्रन्थिसमन्वितां दक्षिणकर्णोपरि आशिखाबन्धादवतिष्ठेत् ।।' (કાઠકગૃહ્યસૂત્ર)

અર્થાત્ જો કોઈ મનુષ્ય **પ્રમાદવશ** શિખા કપાવી નાખે તો તે **કુશ(દર્ભ)**ની શિખા બનાવીને જમણા કાન પર ત્યાં સુધી રાખે, જ્યાં સુધી ફરીથી **શિખા** વધીને **બાંધવા યોગ્ય** ન થાય.

૬. 'सप्तत्यूर्ध्वं तु चेत्तस्यां पूर्वतः पृष्ठतोपि वा । पार्श्वतः परितो वापि समुद्भूतैश्च रोमभिः ।। शिखा कार्या प्रयत्नेन न चेन्नैवोपपद्यते । तत्स्थानेसर्वशून्ये तु परितो वापि किं पुनः ।। ब्राह्मण्यसूचनायैवं तानि लोमानि धारयेत् । अन्यथा न भवेदेव तथा तस्मात्समाचरेत् ।।'
(આંગિરસસ્મૃતિ - ૨, પૂર્વ. ૬૧-૬૩)

અર્થાત્ જો સીતેર વર્ષ બાદ શિખાસ્થાને **વૃદ્ધાવસ્થામાં** વાળ ન રહેવાને કારણે શિખા ન રહે તો **યથાસંભવ** ચારે બાજુ બચી રહેલા વાળોથી શિખા બનાવીને **નિત્યકર્મ** કરતા રહેવું. જો વાળ તદ્દન ના હોય તો **કુશ(દર્ભ)** વગેરેની **શિખા** રાખીને નિત્યકર્મ કરવું પણ શિખા વિનાના કદી ન રહેવું.

શિખા એક પ્રકારે પરમાત્માનો સંપર્ક સ્થાપિત કરવામાં **એન્ટેના**નું કામ કરે છે. વિદ્યુત શાસ્ત્રનો **અટલ નિયમ** છે કે, અણીદાર પદાર્થ વિદ્યુતશક્તિનું ભેદન કરે છે. આથી શિખામાં **ગાંઠ** લગાવવી તે પણ વિદ્યુત સિદ્ધાંત પર આધારિત પ્રક્રિયા છે.

એવી જ રીતે દેવસંસ્કૃતિમાં આદર્શો પર ચાલવા માટે સંકલ્પિત વ્યક્તિઓનું **અનિવાર્ય પ્રતિક** શિખા છે. તેની સ્થાપનાનો ઉદ્દેશ એ

છે કે દેવસંસ્કૃતિના દરેક અનુયાયીનું મસ્તક **શ્રેષ્ઠ વિચારો** તથા **ઉચ્ચ આદર્શોનું કેન્દ્ર** બની રહેવું જોઈએ. જે મસ્તકરૂપી કિલ્લા પર સદ્‌વિચારની **ધર્મધજા** શિખાના રૂપમાં ફરકતી હોય તેના સંરક્ષકોનું આવશ્યક કર્તવ્ય એ છે કે નીચ તથા દુષ્ટ વિચારોને પોતાના **વિચારક્ષેત્ર**માં પ્રવેશ ન કરવા દે અને પોતાના આચરણ, સ્વભાવ તથા ચિંતનને **આદર્શને અનુરૂપ** બનાવતા જાય છે.



સાધકે **સદા યાદ** રાખવું પડે છે કે સાધનાની સહાયથી સર કરવાનું **મુખ્ય શિખર કે સ્થાન** મસ્તકનું **સહસ્ત્રદલ ચક્ર** છે. તેને શરીરનું **એવરેસ્ટ** શિખર પણ કહી શકાય. તેની સ્મૃતિ માટે સહસ્ત્રદલ ચક્રના સ્થાનમાં જ ચોટલી (શિખા) રાખવાની **પ્રથા** શરૂ થઈ હતી. ત્રિકાળ સંધ્યા કરતા, પ્રાણાયામ કરતા ને બીજી વિધિ વખતે પણ શિખા ને જનોઈની જરૂર પડતી; શિખાબંધનનો મંત્ર પણ બોલાતો. તેને લીધે માણસને સદા યાદ રહેતું કે જીવનમાં ગમે તે **પ્રવૃત્તિ** કરવામાં આવે તોપણ **સાધના કરીને** પહોંચવાનું **મુખ્ય સ્થાન** એ છે. શરીરમાં તે સ્થાન **મહત્ત્વનું** ને મંદિરના શિખર જેવું **મંગલ** છે. શિખારૂપી પતાકાની નીચે **પરમાત્માનું** મુખ્ય **નિવાસસ્થાન** છે. શિખા રાખવાની પ્રથા જેમ કેટલાક લોકો અજ્ઞાનને લીધે આજે માને છે તેમ કોઈ અંધશ્રદ્ધા કે ઘેલછાનો નમૂનો ન હતી, પરંતુ એક મહાન પ્રજાના **મહાન તત્ત્વજ્ઞાન**ની **સૂચના** કે **અભિવ્યક્તિ** હતી. ને તેથી જ, જ્યારે માણસ મસ્તકના એ પ્રદેશ સુધી પહોંચીને પરમાત્માને જાણી લેતો ત્યારે તેને માટે **શિખાનું બંધન** ન રહેતું. તે **પરમહંસ** કહેવાતો. સંન્યાસીને માટે તેથી જ શિખાનું વિધાન નથી રાખ્યું. સંન્યાસી એ ઉત્તમ અવસ્થાએ પહોંચ્યો હશે કે પહોંચવાના **પ્રામાણિક પ્રયાસ** કરતો હશે એમ મનાતું. શિખાને બાંધેલી રાખવાની **પ્રથા** એટલા માટે પડેલી કે તે દ્વારા માણસને રોજ યાદ રહેતું કે અવિદ્યાની ગાંઠે આ જ રીતે જીવ બંધાયેલો છે. તેથી તે બહુ દુઃખી છે. તે દુઃખની નિવૃત્તિ માટે આ ઉત્તમ સ્થાનમાં પહોંચવાથી તે ગાંઠ પૂર્ણપણે તૂટી જશે ને જીવાત્માનું **મંગલ** થશે. તે માટે સદા સાવધ રહીને **સાધના** કરતા રહેવાની જરૂર છે.



આ વાત આજે મોટે ભાગે ભૂલાઈ ગઈ છે. શિખા રાખનારા ઘટવા માંડ્યા છે. અને કેટલાક તો કે'વા પૂરતી રાખે છે અર્થાત્ બે-ત્રણ વાળ જેટલી રાખે છે. તેમાંના પણ કેટલાક શિખાની લંબાઈ ને પહોળાઈની **હરિફાઈ**માં પડી ચોટલાના **મોહ**માં પડ્યા છે. જે રાખે છે તે પણ શિખાની જુદીજુદી **ફેશન**ને મહત્ત્વ આપે છે. વસ્તુ શા માટે શરૂ થઈ ને તેની પાછળ શી **વિચારધારા** છે તેને સમજવા માગનારા જ ઓછા છે.



મસ્તિષ્ક વિદ્યાના આચાર્યોએ **શિખાસ્થાન**ને મસ્તકની **નાભિ** કહી છે. બીજા શબ્દોમાં તેને મસ્તકનું **હૃદય** પણ કહી શકાય. યોગવિજ્ઞાન પ્રમાણે પણ અહીં સૂક્ષ્મશક્તિઓનું કેન્દ્ર **સહસ્ત્રારચક્ર** આવેલું છે. આ **કેન્દ્ર** અદૃશ્ય શક્તિઓ સાથે વ્યક્તિની ચેતનાને એવી રીતે જોડે છે કે જેવી રીતે ડાળી ફળ સાથે જોડાયેલી હોય છે. આ **કોમળ સ્થાન**ને કોઈ જાતનો આઘાત, ઠંડી, ગરમી વગેરેના કારણે **નુકસાન** ન પહોંચે, એટલા માટે પણ **શિખા** જરૂરી છે.



લોકોમાં એક એવી **ભ્રાંતિ** મોજુદ છે કે અધ્યાત્મ તથા વિજ્ઞાન એકબીજાના વિરોધી છે. પરંતુ **વાસ્તવિકતા** તો એ છે કે આ વાતને વ્યવસ્થિત રીતે ન સમજવાથી આવી ભ્રાંતિઓનો આવિષ્કાર થયો છે. ઉલ્લેખનીય છે કે વિજ્ઞાન અને અધ્યાત્મનો પ્રારંભ સાથે સાથે થયો છે. ભૌતિક વિશ્વનું **સર્વશ્રેષ્ઠ અનુસંધાન** અને **અન્વેષણ** ધર્મની જ **પ્રેરણાનું પરિણામ** છે. પરંતુ આને ન સમજવાથી જ ભ્રાંતિ થાય છે.



વર્તમાન ભૌતિક યુગમાં જ્યારે મનુષ્ય સંપૂર્ણ સ્વાર્થી બની રહ્યો છે ત્યારે પ્રત્યેક વસ્તુમાં **પ્રત્યક્ષ પ્રાપ્તિ**માં હરેકની પ્રવૃત્તિ થાય છે. ત્યારે એક **પ્રશ્ન** સ્વાભાવિક જ થાય કે **શિખા શા માટે રાખવામાં આવે છે ?** 'અપ ટુ ડેટ' સમાજમાં મનુષ્યવાળના ગુચ્છને માથા પર સાચવી રાખીને શું ફાયદો ? એટલા માટે પૂર્વ અને પશ્ચિમ દેશોના દૃષ્ટિકોણથી **શિખાના કેટલાક ફાયદા** ઉપર **વિચાર** કરીએ.

(ક્રમશઃ આગામી અંકે...)





# પ્યારી લાગે લાલજી કી બતિયાં રે...

**પ.પૂ. ૧૦૯ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી**

- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. ભાર્ગવ ભગત તથા પા. સુહૃદ ભગત ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**ઉપદેશક પદ** એ ખરેખર ખૂબજ **જવાબદારી**ભર્યું પદ છે. **અનુભવી વ્યક્તિ** જ બીજા લોકોને **ઉપદેશ** આપવા માટે અધિકારી થાય છે. ઉપદેશકર્તામાં **પાંચ વાત** અવશ્ય હોવી જોઈએ : ૧. ઉપદેશક જે **વિષય**નો ઉપદેશ કરે તેમાં તે **પારદર્શક** હોય, ૨. જે સાધના વિષે ઉપદેશ કરે તે **સાધનાયયુક્ત** તે ઉપદેશ કરવાવાળો હોય, ૩. ઉપદેશ દેવામાં **માન-સન્માન,** કીર્તિ કે ધન મેળવવાનો **સ્વાર્થ** ન હોય, ૪. જે વિષયનો ઉપદેશ કરે તે વિષયના પરિણામમાં બધાનું શ્રેય રહેલું હોય અને ૫. ઉપદેશમાં કોઈ પ્રકારનું **દંભ આચરણ** ન હોય. આ **પાંચ વાતો** જે ઉપદેશકર્તામાં હોય તેનો જ **પ્રભાવ** પડે છે.



જેની વાણીમાં સત્ય, પ્રેમ, સરળતા અને નિઃસ્વાર્થભાવે જીવાત્માના **કલ્યાણ**ની **ભાવના** રહેલી હોય તે વાણી **આકર્ષક** ન હોય તો પણ સમાજને માટે **કલ્યાણકારી** બને છે.



ઉપરોક્ત **પાંચેય ગુણો**નો **સમન્વય** પ.પૂ. લાલજી મહારાજશ્રીની **દિવ્ય અમૃતવાણી**માં જોવા મળે છે. સાદી અને સરળ ભાષામાં રજૂ થતાં એમના **ઉપદેશ વચનો**થી ભક્તજન-માનસ પર **સુંદર અને ગહન** અસર થાય છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીની વાણીમાં તેમની **અહંશૂન્ય છબી** ઉપસી આવે છે. તેઓશ્રી દ્વારા બોલાયેલા અનુભવસિદ્ધ પ્રત્યેક વચનો સભામાં બેઠેલી **દરેક વ્યક્તિ**ના આંતરમનને સ્પર્શે છે.



તાજેતરમાં **જૂનાગઢને આંગણે** યોજાયેલ **દ્વિતીય ચરણ**રૂપ ૭૩૦ કરોડ 'શ્રી સ્વામિનારાયણ **મહામંત્ર લેખન પ્રારંભ** મહોત્સવ' દરમ્યાન **પ.પૂ. લાલજી મહારાજશ્રી**એ જે **અમૃતસરિતા** વહાવી હતી તેના કેટલાક અંશો અત્રે **પ્રસ્તુત** છે.





# શ્રી સ્વા. મહામંત્ર પ્રારંભ મહોત્સવની પૂર્વસંધ્યાએ અજ્ઞાન નિવારક દીપક તુલ્ય દિવ્ય-મંગલ ઉદ્‌બોધન...

આજે અક્ષરધામમાં પરબ્રહ્મ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** અનંત મુક્તો અને ભગવાનના અનંત એકાંતિક સંતો-ભક્તો મધ્યે બિરાજમાન થઈ આપણા સૌ ઉપર ખૂબજ રાજી થતા હશે. આ ઘોર કળિકાળમાં વ્યાપેલ અધર્મનો નાશ કરી, સદ્ધર્મની સ્થાપના કરી, શુદ્ધ સર્વોપરી ઉપાસના અને પતિવ્રતાની એકાંતિક **માહાત્મ્ય સહિત**ની **ભક્તિ**નો માર્ગ ભગવાન શ્રીહરિએ આજથી ૨૦૦ વર્ષ પૂર્વે આ બ્રહ્માંડને વિષે **પ્રશસ્ત** કરીને મોક્ષની એક **અનેરી રાહ** જે આપી હતી; તે **ઉપાસના-ભક્તિ**ના માર્ગને આપણા પૂર્વે **નંદસંતો**એ **નિષ્કંટક** અને સરળ બનાવવાને માટે પોતાના દેહની પરવા કર્યા વિના પોતાની જાત ઘસી નાખી છે. ભગવાન શ્રીહરિની આજ્ઞામાં વર્તન રાખીને, તેઓના વચન પ્રમાણે, જેમ મનની વૃત્તિ ફરે તેમ પોતાના જીવનને ઢાળીને સંતો-ભક્તોએ આ મોક્ષમાર્ગને વધુ **સરળ** કર્યો છે.

જેમ સમુદ્રને કાંઠે રહેતા હોય તેને ખ્યાલ હોય કે સમુદ્રમાં દર વર્ષે **કાપ** ભરાતો જતો હોય છે, વ્યક્તિ પોતાના ઘરમાં પણ સમયે સમયે **માવજત** ન કરે તો તે ઘર **અવાવરું** સ્થાન થઈ જાય ને રહેવાનું સુખ ન આવે, એમ જે ઉપાસના-ભક્તિના માર્ગથી આ સંપ્રદાયની વાડી ભગવાન શ્રીહરિએ **લીલીછમ** પલ્લવિત કરી હતી. તેમજ શ્રીજીસમકાલીન નંદસંતો અને હરિભક્તોએ પોતાના જીવથી વધારે જેને પોષણ કરીને આ ઉપાસના-ભક્તિના માર્ગને **પ્રશસ્ત** કર્યો હતો તે સમય જતાં કળિયુગના પ્રવાહમાં **કાળાંતરે** યુગના કારણે હોય કે સ્વભાવના કારણે હોય, અથવા તો શ્રીજીમહારાજની એવી ઈચ્છા કદાચ હોય એમાં પણ આપણે ના ન કહી શકીએ. કારણ કે, જે **શિથિલતા** સંપ્રદાયમાં આવી છે તે દૂર થાય અને જેમ પાનખર ઋતુમાં વૃક્ષના તમામ પાંદડા સૂકાય જાય છે અને ફરી પાછા નવા અંકૂરો ફૂટે ને નવપલ્લવિત થઈને લીલું વૃક્ષ થઈ જાય છે ને અનેક લોકોને શાંતિ, શીતળતા આપે છે એમ આજે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રસ્થાપિત કરેલ **ઉપાસના-ભક્તિનો માર્ગ** પુનઃ **નવપલ્લવિત** થયો છે. અને સમગ્ર જગતને પોતાની **શાંતિ અને શીતળતા** આપવા **તત્પર** છે.

હોળીના તહેવારમાં એક **નિયમ** હોય છે કે, **'આપન રંગાયે બિના ઔર ન લાગે રંગ, પહેલે ખુદ દિપક જલે પીછે જલે પતંગ.'** અંધકાર હોય એ અંધકારને દૂર કરવા માટે એક **નાનો દિપક** પણ કાફી થઈ શકે છે. તેમ આજે અમોને કહેતા આનંદ થાય છે કે, પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **સંકલ્પના દિપક**થી જ્યારે એક દિવામાંથી અનેક દિવા પ્રગટ્યા, એક જ્યોતમાંથી અનેક જ્યોત પ્રગટી તેનું **અંજવાળું** એ અનંત સૂર્યો સમાન જ્યારે આજે **પ્રકાશમાન** થઈ રહ્યું હોય ત્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની **ઝાંખી** જોવા જેવી હોય છે.

આપણે થોડાસમય પહેલા જ ગઢપુરમાં એક દિવ્યતાના, અલૌકિકતાના અને ભગવાન શ્રીહરિના પ્રગટપણાની ઝાંખીના દર્શન કર્યા હતા. જે ઉપાસના-ભક્તિને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનો **પ્રાણ** ગણ્યો છે એ ઉપાસના-ભક્તિને બળ મળે, સંપ્રદાયના **મૂળભૂત સિદ્ધાંતો** પુનઃ સ્થાપિત થાય, ભગવાન શ્રીહરિએ કરેલો દાખડો એને દિગંત સુધી પહોંચાડવાને માટે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રીની દિવ્ય પ્રેરણાથી ૩૬૫ કરોડ મહામંત્ર લેખનકાર્ય આપણે સૌએ ભગવાન શ્રીહરિની કૃપાથી નિર્વિઘ્નપણે પૂર્ણ કર્યું છે. એના **દ્વિતીય ચરણરૂપ** એ જ **ઝાંખી** પુનઃ કરવા માટે ૭૩૦ કરોડ મહામંત્ર લેખનકાર્યનો **શુભારંભ** કરી રહ્યા છીએ. અમોએ ગઢપુર

મહોત્સવમાં વાત કરી હતી કે, **'અમો હજું થાક્યા નથી, અમો હજુ હાર્યા નથી, અમો હજુ થંભ્યા નથી.'** એ પ્રમાણે ૭૩૦ કરોડ મહામંત્ર લેખનનું કાર્ય થઈ રહ્યું છે.

શ્રીજીમહારાજ **પ્રથમ પ્રકરણના ૫૯મા વચનામૃતમાં** કહે છે : "...ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને **'સ્વામિનારાયણ'** એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે..."

અનાયાસે એકવખત નામ રટણ કરવાનો જો આટલો મહિમા હોય તો **૭૩૦ કરોડ** મહામંત્ર **લેખન કાર્ય** અને જપકાર્ય તરફ આપણે સૌ કોઈ જઈ રહ્યા છીએ ત્યારે આ પ્રારંભેલ મહોત્સવ પણ **દિવ્ય** અને **ભવ્ય** ઉજવાશે.

(તા. ૨૦-૩-૨૦૧૧, ૭૩૦ કરોડ મહામંત્ર પ્રારંભ મહોત્સવ - જૂનાગઢ)

# મહોત્સવના મુખ્ય હેતુભૂત ભક્તિમાર્ગના પોષણાર્થે ભગવાન શ્રીહરિને મંગલ પ્રાર્થના...



આજે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવના **'દ્વિતીય ચરણ'**નો પ્રારંભ થઈ ચૂક્યો છે. ભક્તિની મોજ જ કંઈક જુદી છે. શાસ્ત્રોમાં ભગવાનને પામવા માટે અનેક ઉપાયો, અનેક માર્ગો બતાવ્યા છે. પરંતુ તેમાં **સર્વશ્રેષ્ઠ** જો **સ્થાન** પ્રાપ્ત કર્યું હોય તો એ **ભગવદ્‌ભક્તિ**ને મળ્યું છે. અને આ ભક્તિમાર્ગની પુષ્ટિ માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે **ઉપાસના-ભક્તિ** પર બહુ ભાર મૂક્યો છે. જીવાત્માના કલ્યાણને અર્થે ઘોર કળિકાળમાં કોઈ ખોટા રસ્તે અટવાઈ ન જાય અને લખચોરાશીના ભવફેરામાંથી **મુક્તિ** મેળવી શકે તેના માટે આ **ઉપાસના-ભક્તિ**નો માર્ગ પ્રસ્થાપિત કર્યો છે.

આજના દિવસે **૭૩૦ કરોડ મહામંત્ર** લેખન કાર્યની **શરૂઆત** કરી છે. આ કાર્ય તો **મહાસમુદ્ર** જેવું છે. ભગવાન શ્રીહરિ **સારંગપુર પ્રકરણના ૧૭મા વચનામૃતમાં** કહે છે : "...જેમ સમુદ્ર છે તેને વિષે કીડી પણ જઈને પાણી પીવે અને ચરકલું પણ પીવે ને મનુષ્ય, પશુ, ઘોડા, હાથી તથા મોટા મોટા મગર, મત્સ્ય એ સર્વે સમુદ્રનું જળ પીને બળીયા થાય છે પણ સમુદ્ર લેશમાત્ર ઓછો થતો નથી, અને જે જે જીવનું જેવું જેવું મોટું ગજું હોય તે તે જીવ તે પ્રમાણે સમુદ્રનો મહિમા વધુ જાણે છે. વળી બીજું **દૃષ્ટાંત** છે જે આકાશ છે તેને વિષે મચ્છર ઊડે ને ચરકલું ઊડે ને સમળા ઊડે ને સીચાણો પણ ઊડે ને અનળ પક્ષી પણ ઊડે ને ગરૂડ પણ ઊડે તો પણ એ સર્વેને આકાશ અપારનો અપાર રહે છે, અને જેને પાંખને વિષે વધુ બળ હોય તે આકાશનો મહિમા વધુ જાણે છે..." તેમજ આ જ વાત શ્રીજીમહારાજ **ગઢડા મધ્ય પ્રકરણના ૬૭મા વચનામૃતમાં** કહે છે : "...જેમ મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય તેમાંથી મનુષ્ય, પશુ, પંખી સર્વે જેટલું ભાવે તેટલું જળ પીવે તથા પાત્ર ભરી લે તોપણ ઓછું થતું નથી. શા માટે જે, તે સમુદ્ર તો અગાધ છે..." એમ ભગવાનની ભક્તિ મહાસમુદ્ર જેવી વિશાળ છે, તેમાં ભગવાનના ભક્ત કોણ કેટલો લાભ લઈ શકે એ મહત્ત્વનું છે.

સાંપ્રદાયિક દૃષ્ટિકોણથી જોઈએ તો **સંપ્રદાય**ની **સ્થાપના** ભગવાન શ્રીહરિ નીલકંઠવર્ણીરૂપે લોજમાં પધાર્યા ત્યારથી થઈ ચૂકી હતી. પરંતુ **કલ્યાણનું કાર્ય** તો શ્રીજીમહારાજે છપૈયાથી શરૂ કરી દીધું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણના **બાળચરિત્રો** પર નજર કરીએ તો, પ્રથમ કાલીદત, કૃત્યા આદિક અસુરોનો વધ કરીને અસુર સમુદાયનો સંહાર કર્યો. શ્રીજીમહારાજની આ બધી **બાળલીલા** એ બતાવે છે કે, જે હેતુથી અધર્મના ઉત્થાપન માટે અને સદ્ધર્મની સ્થાપના માટે જે ભગવાનનો **પ્રાદુર્ભાવ** આ પૃથ્વીને વિષે થયો એ **કાર્ય** ભગવાને પોતાની **બાલ્યાવસ્થાથી** જ **શરૂ** કર્યું હતું.

ભગવાનના ભક્તો પર પરમાત્માની **કરુણાદૃષ્ટિ** થાય ત્યારે ભક્તોએ શું માંગવું ? બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ

સરયુ નદી પાર કરતી વખતે અને રામાયણમાં ભગવાન શ્રીરામચંદ્રજીએ ગંગાજીને પાર કરતી વખતે જે નાવિક સાથે **મેળાપ** થાય છે ત્યારે નાવિક કેવી **માંગણી** કરવી તે શીખવાડે છે. ગંગાજીના કાંઠે રામચંદ્રજી ભગવાન, લક્ષ્મણજી અને સીતાજી ઊભા છે ત્યારે નાવિકે ભગવાનના ચરણ ધોવા માટે એવો **વિવેક** કરતા કહે છે કે : "પ્રભુ ! આપના ચરણ ક્યાંય પથ્થરને અડ્યા તો તે પથ્થરની અહલ્યા બની ગઈ હતી. એટલે મને આ આપના ચરણ ધોવા દ્યો. આપના ચરણ **જાદુગરા** છે, તેમાં કંઈક **ચમત્કાર** છે. અને મારી નાવ છે એને જો આપના ચરણ અડે તો તે પણ સ્ત્રી બની જાય." પછી ભગવાને રાજી થઈને તેને પોતાના ચરણ ધોવા દીધા.

પછી ગંગાજી નદી પાર કરીને સામે કાંઠે ભગવાન શ્રી રામચંદ્રજીને નાવમાં નીચે ઊતાર્યા ત્યારે ભગવાન તેને ભાડાનું કહે છે. ત્યારે નાવિક કહે : "તમારો ને મારો ધંધો એકજ છે, માટે ભાડું લેવાનું ન હોય." ત્યારે ભગવાન રાઘવે પ્રશ્ન કર્યો : "અરે ! નાવિક, આપણે બંનેનો ધંધો કેમ એક છે ?" નાવિક કહે : "હે પ્રભુ ! આપ ભવસાગર પાર ઉતારો છો અને હું આ નદી પાર ઉતારું છું. આજે મેં તમોને આ નદી પાર ઉતારી છે, માટે મારા અંતસમે આપ મને ભવસાગર પાર ઉતરાવજો."

આમ, ભગવાનના ભક્તને જીવનમાં ક્યારેક **આશીર્વાદ** પ્રાપ્ત કરવાનો **અવસર** આવે ત્યારે પરમાત્મા પાસે એજ માંગણી કરવી કે, "હે મહારાજ ! મને ભવસાગર પાર ઉતરાવજો." અને આપણો આ મહામંત્ર લેખનનો સંકલ્પથી ભક્તિ કરવાનું કાર્ય કરીએ છીએ, તે માટે ભગવાન શ્રીહરિ પાસે એક જ **માંગણી** કરવી કે, "અમારા જીવનમાં કોઈ દુર્ગુણો હોય, ખોટા સ્વભાવ હોય તેને ટળાવજો. અને તમારા સ્વરૂપમાં પ્રીતિ થાય કે જેથી કરીને અંતસમે જો **સ્મૃતિ** થઈ આવે તો અક્ષરધામ સુધી અમે **ગતિ** કરી શકીએ." માટે આપણે સૌ કોઈ આવા સંકલ્પથી જ મંત્રલેખનનું કાર્ય કરીએ.

(તા. ૨૧-૩-૨૦૧૧ - પ્રથમ સત્ર, ૭૩૦ કરોડ મહામંત્ર પ્રારંભ મહોત્સવ - જૂનાગઢ)



# સંપ્રદાયના ધણી... ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે સ્વામી-સેવકપણાનો સંબંધ !!

ભગવાનના ચરિત્રો હંમેશા **કલ્યાણકારી** હોય છે. ભગવાનને જો આ શરીરથી આંખે કરીને જોવા જઈએ તો **મનુષ્યાકૃતિ** લાગે છે. અને અક્ષરધામમાં પણ સદા દ્વિભુજ સાકારરૂપે જ બિરાજમાન છે અર્થાત્ મનુષ્યાકૃતિથી જ ત્યાં બિરાજે છે. દેહે કરીને જીવાત્મા જે ક્રિયા કરે છે એવી પરમાત્માની ક્રિયા નથી. કારણ કે ભગવાનની પ્રત્યેક ક્રિયા, પ્રત્યેક કાર્ય તે અનંત જીવાત્માને કલ્યાણ અપાવનારું છે. આપણે જેવા ભગવાનને જાણીએ છીએ એવું **ઐશ્વર્ય** એવી મોટપ ભગવાનના ધામમાં મળે છે. તો પણ ભગવાન અને જીવાત્મા વચ્ચે **સ્વામી-સેવક**પણાનો **નાતો** તો રહે જ છે.

આ વાતને સમજાવતાં શ્રીજીમહારાજ **ગઢડા મધ્ય પ્રકરણના ૬૭મા વચનામૃતમાં** કહે છે : "...ભગવાનનો ભક્ત હોય તેણે જેવા ભગવાનને જાણ્યા હોય જે, ભગવાન આટલી સામર્થિએ યુક્ત છે અને આટલી શોભાએ યુક્ત છે. અને આવા સુખરૂપ છે, એવી રીતે એ ભક્તે જેટલો ભગવાનનો **મહિમા** જાણ્યો છે અને જેવા પ્રતાપે યુક્ત ભગવાનને જાણ્યા છે, તે ભક્ત જ્યારે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે, ત્યારે રૂપ તથા સામર્થિ તે એ ભક્તની પણ તેવી જ થાય છે. તો પણ ભગવાનની સામર્થિ અને ભગવાનનું સુંદરપણું ઈત્યાદિક જે **પ્રતાપ** તે એ ભક્તને ભગવાનને વિષે અતિશય જણાય છે, ત્યારે એ ભક્ત એમ જાણે છે જે, મેં જેટલો પ્રતાપ જાણ્યો હતો ને સુંદરપણું જાણ્યું હતું, તેટલું

ઐશ્વર્ય ને તેટલું સુંદરપણું તો મને પણ ભગવાને આપ્યું છે. તો પણ ભગવાનનું ઐશ્વર્ય ને ભગવાનનું સુંદરપણું તે તો **અતિશય અપાર** દેખાય છે. માટે મારા જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તો પણ ભગવાન જેવો કોઈ થવાને સમર્થ થતો નથી... એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ **સ્વામી-સેવકપણું** રહે છે...''

**'સ્વામી'** એટલે પોતાના ધણી, માલિક. અને **'સેવક'** એટલે એમનો દાસ. આ સંબંધ ભક્ત ભગવાનના ધામને પામે તો પણ રહે છે. આપણે આ વાત **ગૌરવ** લેવા જેવી છે કે, અનંતકોટિ બ્રહ્માંડોના નિયંતા ભગવાન શ્રીહરિએ **સંપ્રદાયની ધુરા** સંભાળી સંપ્રદાયના ધણી બન્યા છે. ભગવાનના પ્રાગટ્યનો હેતુ અનંત મુમુક્ષુ જીવાત્માનું કલ્યાણ કરવાનો છે, ધર્મની સ્થાપનાનો છે અને એ કાર્યને સફળ કરવાને માટે એક ધર્મની ધુરાનું વહન કરવું **અતિ આવશ્યક** છે. ભગવાન એ જાણે છે કે, સદ્ધર્મની જ્યાં સુધી સ્થાપના નથી થતી ત્યાં સુધી **મોક્ષમાર્ગ** પ્રશસ્ત થતો નથી. જ્યાં સુધી **ઉપાસ્ય ઈષ્ટદેવ** તમારા તમે એક **નિર્ધારિત** નથી કર્યા ત્યાં સુધી પતિવ્રતાની ભક્તિ કહેવાતી નથી. તે ભક્તિને પુષ્ટિ આપવા માટે, તેને પ્રબળ કરવાને માટે, તેને પ્રમાણિત કરવાને માટે એક **સંપ્રદાય**ની જરૂર છે એમ ધારીને શ્રીજીમહારાજે રામાનંદ સ્વામીને **આદેશ** કર્યો કે, તમે પ્રથમ મૃત્યુલોકને વિષે જઈને **પૂર્વભૂમિકા** તૈયાર કરો, પછી અમો આવશું ને સંકલ્પને પરિપૂર્ણ કરીશું. તે આજે સંકલ્પ **સાકાર** થયો છે. સંપ્રદાયને ધણી કેવા મળ્યા છે ? તો **'હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે, ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે...'**

ભગવાનને પોતાના ધણીપણાને વિષે સ્વીકાર કરીને જીવાત્મા જોડાય પછી તેમાં નર-નારીનો **ભેદ** રહેતો નથી. પતિવ્રતાનું **દૃષ્ટાંત** આપી શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે. પરંતુ આવું વર્ણન **સમાનાર્થી** કર્યું છે પણ એવું નથી કે ફક્ત નારીઓને જ **અધિકાર** છે. પ્રત્યેક જીવાત્માનો જો કોઈ **ધણી** હોય તો તે **પુરુષોત્તમનારાયણ** છે. અને એ પુરુષોત્તમનારાયણ ભગવાને આ સંપ્રદાયની **ધુરા** વહન કરવા માટે **સ્વીકૃતિ** આપી છે. આ ધણીપણું કેવું છે ? તો જેમાં ક્યારેય રંડાપો નથી, વિધવાપણું નથી, લૌકિક ભાવ નથી. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી અને ત્યારબાદ અક્ષરધામમાં નિવાસ કરી અખંડ સોહાગી રહેવાનો છે. મુક્તાનંદ સ્વામી કહે છે : **'સંસારીનું સુખડું જુઠું આવે ને જાયે; હરિનો અખંડ સોહાગ, કેદી કાળ ન ખાયે...'** આજે એવા ધણીની પ્રાપ્તિ સંપ્રદાયમાં થઈ છે.

ભગવાન શ્રીહરિએ **ધર્મધુરા** સ્વીકારી તે **લાભ** ફક્ત શ્રીજીસમકાલીન સંતો-ભક્તોને જ નહિ, આપણને પણ મળ્યો છે. આપણે સંપ્રદાયના સંબંધે કરીને જોડાયેલા છીએ. શ્રીજીમહારાજ **વચનામૃત**માં કહે છે : ''અમારી આજ્ઞા પ્રમાણે વર્તશો તો આપણે મળીશું, નહિતર તમારે ને અમારે ઘણું છેટું છે. તમારી કરેલી ભક્તિ જ્યારે પ્રગટ થશે ત્યારે તમને આવો યોગ કરાવીશું ને આવો યોગ મળ્યા પછી અમારી આજ્ઞા પ્રમાણે વર્તશો તો અક્ષરધામમાં તમે અને અમે ભેળા રહીશું. નહિતર તે વિના તમારે અને અમારે ઘણું છેટું છે.''

વળી, શિક્ષાપત્રીના ૨૦૭મા શ્લોકમાં શ્રીજીમહારાજ કહે છે : **'नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः । बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ॥'** - અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બાહેર છે.

ભગવાનની આજ્ઞા, વચન અને શબ્દમાં **સામર્થી** રહેલી છે. કારણ કે કલ્યાણના પ્રદાતા ભગવાન છે. **'ભવ'** અને **'સંભવિત'** જે કદાચ બીજા જન્મો હોય એના **ભય**ને નાશ કરી **'અભયદાન'** આપનારા ભગવાન શ્રીહરિ છે. એ ભગવાન આજે આપણને સ્વામીરૂપે, ધણીરૂપે, નાથરૂપે પ્રાપ્ત થયા છે ત્યારે એમના આશ્રિતમાં કાચ્યપ, નબળાઈપણું, ખોટા વિચારો ન હોય. એનામાં ખુમારી હોય, અંખડ સોહાગીપણાની ખુમારી ઉછળતી હોય. માત્ર ક્રિયાથી કે ઈમીટેશનથી આ વાત સર્જન થતી નથી. ભગવાનની આજ્ઞાનું, તેઓએ બાંધેલ મર્યાદાઓનું જ્યાં સુધી **અનુસંધાન** નથી ત્યાં સુધી કાર્ય સફળ અને સાર્થક થતું નથી. આ વાતને આપણે જીવનમાં દૃઢ કરીને ઉપાસના, ભક્તિના માર્ગમાં જેમ આગળ વધીએ છીએ તેમાં વધુ ને વધુ ઉમંગથી, ઉત્સાહથી આગળ વધીએ તો આપણો કરેલ દાખડો સફળ ગણાશે અને ભગવાનનો રાજીપો આપણા ઉપર હંમેશાને માટે વરસતો રહેશે.

કોઈ એમ ન માને કે, અમે મંત્રલેખન કાર્ય માત્ર દેહે કરીને કરીએ છીએ. અમો શ્રી હરિકૃષ્ણ મહારાજની સાક્ષીએ કહીએ છીએ કે, આ **એક એક મહામંત્રના લેખન**થી તે **અક્ષરધામનું એક એક ડગલું** ભરો છો. અને જે જેટલા છેટા છે તેટલા ડગલા ભરવાની જરૂર છે. ભૌતિક સુખમાં જેટલું મળ્યું છે તેમાં **સંતોષ** રાખવો, કદાચ ભાગ્યમાં સૂકો રોટલો અને ખાટી છાશ હોય તો તેમાં પણ આનંદ માનવો. પણ ભક્તિ કે સેવામાં સંતોષ ન રાખવો. તેમાં **અગ્રેસર** થઈને ચાલવું છે તેવી **સમજણ** રાખવી.

(તા. ૨૧-૩-૨૦૧૧ - દ્વિતીય સત્ર, ૭૩૦ કરોડ મહામંત્ર પ્રારંભ મહોત્સવ - જૂનાગઢ)



# સત્સંગ અને સ્વામિનારાયણ મહામંત્રના આશ્રય અને ભજનથી અનેક જન્મના દુઃખદાયી આસુરી દોષો સ્વભાવો નાશ પામે છે...

આપણા જીવનમાં અંતઃકરણનું ચિંતવન કરીને મોહ-માયાના બંધનમાંથી **મુક્ત** કેમ થવાય તેના તમામ પાસાઓને તેના તમામ અંગોને આજે આપણે તપાસી રહ્યા છીએ. સંસારમાં સર્વે વ્યક્તિ સરખા લાગે, પણ તેની જગતમાં **કિંમત** ક્યારે થાય ? ભૌતિક દૃષ્ટિએ તો આર્થિક રીતે મોટા હોય કે સમાજમાં મોટા હોય તેને મોટો ગણીએ છીએ. પરંતુ જ્યારે **આત્યંતિક કલ્યાણ** કે જન્મમરણના ચક્રમાંથી મુક્ત થવાની વાત આવે ત્યારે આપણા શાસ્ત્રકારોએ **ગુણોને મહત્ત્વ** આપ્યું છે. જે વ્યક્તિ સદાચાર, ધર્મના ગુણોને છોડીને અનીતિ કે **આસુરી માર્ગ** કહેવાય એવી સંપદા યુક્ત, તેવા ગુણે યુક્ત વર્તતો હોય ત્યારે તેની શું **સ્થિતિ** અને જ્યારે એ જ વ્યક્તિ **સદ્‌ગુણો યુક્ત** વર્તતો હોય ત્યારે તેની **સ્થિતિ** કેવી હોય તેના **દૃષ્ટાંતો** શાસ્ત્રકારોએ ધર્મગ્રંથોના માધ્યમથી આપણી સમક્ષ રજૂ કર્યા છે.

શ્રીજીમહારાજ **સારંગપુર પ્રકરણના ૧૦મા વચનામૃતમાં** કહે છે : "...જે અધર્મી માણસ હોય તે તો ચોરી, પરસ્ત્રીનો સંગ, મદ્યમાંસનું ભક્ષણ, વટલવું, વટલાવવું એ આદિક જે સર્વે કુકર્મો તેને વિષે જ ભરપુર હોય ને તેનો સંસારમાં કોઈ વિશ્વાસ કરે જ નહિ ને એના સગાં હોય તે પણ કોઈ વિશ્વાસ ન કરે..."

આ વચનામૃતની દૃષ્ટિએ જીવાત્મા **દુર્ગુણો યુક્ત** વર્તતો હોય ત્યારે ફકત પારકા લોકો જ નહિ, પણ તેના કુટુંબજનો પણ **વિશ્વાસ** કરતા નથી. ભગવાન શ્રીહરિ આ જ **વચનામૃતમાં** કહે છે કે, "...ધર્મવાળા જે માણસ હોય તે ચોરી તથા પરસ્ત્રીનો સંગ તથા ચાડીચુગલી એ આદિક સર્વે પાપનો ત્યાગ કરીને પરમેશ્વરથી ડરીને **ધર્મમર્યાદામાં** ચાલે છે, તેનો સંસારમાં જે પોતાના કુટુંબી હોય અથવા કોઈ બીજા હોય પણ તે **સર્વે** વિશ્વાસ કરે ને તે જે બોલે તે વચન સૌને **સત્ય** જ ભાસે..."

આ વાત બધાની **અનુભવસિદ્ધ** છે. કારણ કે કોઈને થોડાસમય માટે દેશ-પરદેશ જવાનું કહેવામાં આવે ત્યારે તે પોતાની જે માલ-મિલ્કત કે ધન-સંપત્તિની દેખરેખ માટે અધર્મ યુક્ત વર્તતો હોય તેને આપશે કે ધર્મે યુક્ત વર્તતો હોય તેને આપશે ? આ પ્રશ્નનો ઉત્તર સૌએ જાતે જ કરવાનો છે.

આધ્યાત્મિક કે સંસારના ભૌતિક માર્ગમાં વ્યક્તિનું જ્યારે **પરીક્ષણ** કરવાનું હોય ત્યારે તેના ગુણોને **પરીક્ષા** મૂકવામાં આવે છે. ભગવાન શ્રીહરિએ વચનામૃતમાં **સૂરી** અને **આસુરી** આ બંનેના ગુણો, વિચારો માણસમાં જન્મથી પડ્યા હોય છે તેમ બતાવ્યું છે. જેને જેવું પોષણ મળે તેવો તેનો **વિકાસ** થાય છે. મુમુક્ષુએ પોતાની **તકેદારી** રાખવી જોઈએ કે, જે કામ-ક્રોધ-લોભ-મોહ-માનાદિક અંતઃશત્રુઓ છે તે ભક્તિના વ્યક્તિત્વને ઊધઈની જેમ માંહીકોરે ખોખલું ને પાંગળું કરી નાંખે છે. શ્રીજીમહારાજે સંપ્રદાયમાં **ઉપાસના-ભક્તિ**ને બહુ જ **પ્રાધાન્ય** આપ્યું છે. અને હિંદુ સંસ્કૃતિ, વેદ પરંપરા કે તેના અનેક ધર્મગ્રંથો-શાસ્ત્રોનો સાર એ જ બતાવે છે કે, ઉપાસના-ભક્તિના અનુસરણ કર્યા વિના, તેનો આશ્રય કર્યા સિવાય જીવાત્માનું કલ્યાણ થતું નથી, તે વાત નિર્વિવાદ છે. પરંતુ એ માર્ગમાં હંમેશા આત્મબળ રહે, દૃઢતા રહે તેવી પરિસ્થિતિ સર્જવી હોય તો સૌથી પહેલા અંતઃશત્રુઓ સામે વિજય મેળવવો પડશે. બાહ્યશત્રુ સામે તો ખોટું બોલીને કે માર્ગ બદલાવીને રક્ષણ મેળવી શકીએ, પરંતુ જે અંતઃશત્રુઓ જીવાત્માની સાથોસાથ રહે છે તેનાથી રક્ષણ કેમ મળે ? તો તેને પરાજય કરવાનો શ્રેષ્ઠ ઉપાય **સત્સંગનું શરણું** છે. જીવાત્માને જ્યાં સુધી સદ્ અને અસદ્‌ની વિક્તિ, મર્યાદા ખબર નથી, શ્રેય અને હાનિની ખબર નથી, જ્યાંથી પરંપરા સર્જાણી છે તે તત્ત્વનું જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી પોતાને હાનિ કરતા તત્ત્વોને ત્યજી શકવાનો કે તે શ્રેય કરતા તત્ત્વોને ગ્રહણ કરી શકવાનો નથી. કોઈ કહે કે, બધું ભગવાને જ

સર્જેલું છે, તો ભગવાને વિષ પણ સર્જ્યું છે ને અમૃત પણ સર્જ્યું છે. બ્રહ્માંડની રચના પરમાત્માની ઈચ્છાથી થઈ તેમાં ના નથી. પરંતુ શાસ્ત્રકારોએ ગુણ શીખવ્યા છે કે, વિષ અને અમૃતનું પાન કરવાથી શું થાય ? કોઈ અભાગ્યો હોય, અજ્ઞાની હોય તેને વિષ ગ્રહણ કરવાનું મન થાય. પરંતુ જે સમજુ અને જ્ઞાની છે તે અમૃતનું જ ગ્રહણ કરે છે. કારણ કે તેને અમૃત અને વિષના ગુણની વ્યાખ્યાની ખબર પડી છે.

ભગવાન શ્રીહરિ લોજમાં આવીને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ અંગે એ **પાંચ પ્રશ્નો** મુક્તાનંદ સ્વામીને પૂછ્યા. તેમાં જીવ, ઈશ્વર અને બ્રહ્મ - આ ત્રણેયની સ્થિતિ જીવની જ છે. જીવ, માયા અને પરબ્રહ્મ એ **ત્રણ તત્ત્વો** જ **સનાતન** છે. જે સ્થિતિમાં ફેરફાર થાય છે તે ગુણે કરીને થાય છે. એકવખત શ્રીજીમહારાજે ગઢડામાં સંતો-પરમહંસોને બેસાડ્યા ને **પ્રશ્ન** કર્યો કે, "રામાવતારની અંદર તો રાવણને માર્યો, સાગર ઉપર સેતુ બાંધ્યો અને અનેક અસુરોનો સંહાર કર્યો એટલે ભગવાન **મર્યાદા પુરુષોત્તમ 'રામ'** કહેવાયા. શ્રીકૃષ્ણ ભગવાને પણ કંસનો નાશ કર્યો, ગોવર્ધન તોળ્યો અને મહાભારતના યુદ્ધમાં વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા એટલે એમને **ભગવાન** કહેવાયા. મચ્છ, કચ્છ, વરાહ, વામન આદિક અવતારોએ કાંઈક પરાક્રમ બતાવ્યા એટલે એમને ભગવાન તરીકે સંસાર માને છે. પરંતુ અમે તો આવું કાંઈ પરાક્રમ જ નથી કર્યું, તો પછી **અમને તમે બધા ભગવાન શા માટે માનો છો ?"** ત્યારે સંતોએ બે હાથ જોડીને બહુ સરસ **ઉત્તર** આપ્યો :- "હે મહારાજ ! રામ અવતારમાં માત્ર રાવણ માર્યો, કૃષ્ણાવતારમાં એક કંસને માર્યો, પરંતુ જે રાવણમાં **રાવણત્વ** હતું - જે અંતઃશત્રુના કારણે એ વ્યક્તિ રાવણ બન્યો હતો, કંસ બન્યો હતો એ અંતઃશત્રુને કારણે જે આસુરી બીજ હતું તે નાશ થયું ન હતું. માત્ર રાવણ કે કંસ નામની **વ્યક્તિ**નો નાશ કર્યો હતો, પણ તેમાં રહેલ રાવણ કે કંસ **વૃત્તિનો** નાશ કર્યો ન હતો. પરંતુ આપે અત્યારે પ્રત્યક્ષ પધારી એવા **આસુરી બીજ**નો **નાશ** કર્યો છે. કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મત્સર, ઈર્ષ્યા, તૃષ્ણા વગેરે દોષોનો નાશ કરી જીવાત્માને તમે મોક્ષના અધિકારી બનાવ્યા છે. માટે અમે તમને **સર્વોપરી** માનીએ છીએ."

જે કાર્યની ઉત્પત્તિ રાગ-દ્વેષથી થઈ હોય તે કાર્યનું **પરિણામ** ક્યારેય સુખમય ન હોય. ભગવાન શ્રીહરિએ આ સંપ્રદાય રાગ-દ્વેષથી પર થઈને સ્થાપ્યો છે. આજની જે પરિસ્થિતિ નિર્માણ પામી છે તે રાગ-દ્વેષથી થઈ છે, એમાં કદી સુખ ન હોય શકે. જેમ અગ્નિ પ્રજ્જવલિત થઈ હોય ત્યારે તે પાણીથી બૂઝાવી શકાય, પરંતુ તે અગ્નિ ઘી કે પેટ્રોલ જેવા પદાર્થોથી બૂઝાવી શકાય નહિ. એમ જીવાત્મા જ્યારે ત્રિવિધ તાપથી બળતો હોય ત્યારે તેને શાંત પમાડવો હોય તો તેને ભક્તિરૂપી પાણીની શીતળતા પ્રદાન કરવી પડે છે. અને તે કરવાનું કાર્ય આ ૭૩૦ કરોડ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર **લેખન** મહોત્સવથી થઈ રહ્યું છે. આ કાર્ય જીવાત્મામાં રહેલા અનેક સ્વાભાવોને બદલવાનું **ભગીરથ કાર્ય** છે. જે આ કાર્યમાંથી તરશે તો કેટલાય બ્રહ્માંડો ઉગાર્યાનું **ફળ** પ્રાપ્ત થશે.

અને **કાર્ય** તો સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવન, તેના સાંનિધ્યમાં અને સમર્પણની ભાવના સાથે સંતો-ભક્તો કરતા હોય ત્યારે જ **સંભવિત** બની શકે છે. જ્યારે પોતાના મનનું ધાર્યું મૂકીને ભગવાન શ્રીહરિમાં વિશ્વાસ રાખીશું ત્યારે જ આપણે સાચા **શરણાગત** બનીશું. અને એવા સાચા શરણાગતનું જ ભગવાન **કલ્યાણ** કરે છે.

શ્રીજીમહારાજ **ગઢડા અંત્ય પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં** કહે છે : "...જીવ ને મન તો પરસ્પર **અતિ મિત્ર** છે. જેમ દૂધને ને પાણીને મિત્રતા છે તેમ જીવને ને મનને મિત્રતા છે. તે જ્યારે દૂધને ને પાણીને ભેળાં કરીને અગ્નિ ઉપર મૂકે ત્યારે પાણી હોય તે દૂધને તળે બેસે ને પોતે બળે પણ દૂધને બળવા ન દે. ત્યારે દૂધ પણ પાણીને ઉગારવાને સારું પોતે ઊભરાઈને અગ્નિને ઓલવી નાંખે છે. એવી રીતે બેયને પરસ્પર **મિત્રાચાર** છે. તેમ જ જીવને ને મનને પરસ્પર મિત્રાચાર છે. તે જે વાત જીવને ન ગમતી હોય તે વાતનો **ઘાટ** મનમાં થાય જ નહિ..." આવી મિત્રતા હોવા છતાંય જ્યારે તમારી બુદ્ધિ **કુવિચાર** કરે તમને કુમાર્ગે લઈ જાય ત્યારે અંતરાત્માને જગાડજો ને **ઠપકો** આપજો કે, "હું ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત છું. તે મારાથી તે માર્ગે ન જવાય." આ વિચારથી તમારી બુદ્ધિ પાછી વળી જશે. જ્યારે ભગવાનના **સદ્‌ગુણો** આપણામાં આવશે ત્યારે બધ્ધ મટીને **મુક્ત** બની જઈશું. આ દાખડાથી આપણને અક્ષરધામની પ્રાપ્તિમાં મોટો ફાળો મળશે.

આપણ સર્વેને એક તાંતણે બાંધતો મંત્ર તે **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર છે. એ નામથી જ આપણને ભક્તિ માટે આ મહામંત્ર આપ્યો છે તેના તાંતણેથી કાર્ય કરીએ તો સમગ્ર **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** પુનઃ એક થઈ શકે, સંગઠીત થઈ શકે છે. અને ભગવાન શ્રીહરિના સિદ્ધાંતોને બળ મળે તે હેતુ માત્રથી આ મહામંત્ર લેખનનું **આયોજન** કરવામાં આવ્યું છે. અંતર્દષ્ટિએ તો શ્રીજીમહારાજ આપણાથી જરાય છેટા નથી. અને તે સ્થિતિ પામવા માટે ભગવાનની મૂર્તિ આપણા હૃદયકમળમાં હંમેશા વસે તેના માટે આપણે પ્રયાસ કરતા રહીએ તેવી પ્રાર્થના.

(તા. ૨૨-૩-૨૦૧૧ - પ્રથમ સત્ર, ૭૩૦ કરોડ મહામંત્ર પ્રારંભ મહોત્સવ - જૂનાગઢ)



# શ્રી સ્વા. મહામંત્ર પ્રારંભ મહોત્સવની પૂર્વસંધ્યાએ અજ્ઞાન નિવારક દીપક તુલ્ય દિવ્ય-મંગલ ઉદ્‌બોધન...

ધર્મગ્રંથો-શાસ્ત્રોમાં ભગવાનને પામવાના **અનેક ઉપાયો** બતાવ્યામાં આવ્યા છે. તેમાં **સરળ અને શ્રેષ્ઠ ઉપાય** હોય તો તે છે **'નામ-સ્મરણ કીર્તન'** અને જ્યારે તે પણ ભગવાનના માહાત્મ્ય સહિત કરવામાં આવે ત્યારે પરમાત્માનો સાક્ષાત્કાર કરાવનાર સીડીરૂપ બની જાય છે. ભક્તની **આતુરતા** ભગવાનને મેળવવા માટે હોવી જોઈએ. ઘણીવખત વ્યક્તિ એવી **વિચારધારા** રાખે છે કે, વ્યવહાર કે જગતનો નિયમ છે કે તરસ્યાએ કૂવા પાસે જવું પડે. ભગવાનની આપણા ઉપર **કૃપાદૃષ્ટિ** છે, કારણ કે તે સહજતાથી પ્રાપ્ત થયું છે. એટલે ઘણીવાર મહિમા સમજવાની **ગૌણતા** કરતા હોઈએ છીએ. તેમાં નાનપ સમજતા હોઈએ ત્યારે ભક્ત ભગવાન તરફ ગતિ કરવાને બદલે ત્યાં ને ત્યાં જ ઊભો રહે છે. અને જ્યારે ભગવાન કૃપા કરે ત્યારે કૂવો તરસ્યા પાસે આવે છે. ક્ષુધાની પરાકાષ્ઠા હોય ને જે **આર્તનાદ** અંતઃકરણથી નીકળે તે જૂદો હોય છે. એ રીતે જ્યારે ભગવાન મેળવવાની **પરાકાષ્ઠા** જીવનમાં **ઉદિત** થશે ત્યારે ભગવાન સામે ચાલીને આપણા મનમંદિરમાં **નિવાસ** કરશે.

બાઈ શબરીની ભક્તિની **પરાકાષ્ઠા** થઈ ત્યારે ભગવાન રામચંદ્રજી તેને ત્યાં સામે ચાલીને પધાર્યા છે. પરંતુ જે વખતે જટાયુએ દેહત્યાગ કર્યો ત્યારે એ જ તુલસીદાસજીએ પોતાની કલમે લખ્યું : 'गीध अधम खग आमीश भोगी । गति दिन्ही जिन्हे जाचत जोगी ।।' આટલું લખ્યાં પછી પણ ગોસ્વામી તુલસીદાસજીને સંતોષ ન થયો અને લખ્યું : 'गीध देह तजी धरी हरिरुपा । भूषण बहु पटपीत अनुपा ।।' આવા જટાયુએ જ્યારે **ધર્મની રક્ષા માટે,** મર્યાદા માટે **પક્ષ** રાખ્યો છે. અને એ પક્ષ રાખતા સફળ થાઓ, અથવા નિષ્ફળ થાઓ. ગીધ ક્યાં સફળ થયું હતું ? એનો હેતુ મા જાનકીજીની રક્ષા કરવાનો હતો. તે તો સિદ્ધ થયો જ નહોતો, અને દેહ પડી ગયો હતો. એ લંકેશ્વરનું બળ જાણતો હતો કે અહિં 'હું સફળ નહિ થાઉં' છતાં હું **હિન્દુસ્તાનનું પ્રાણી** છું અને એક અબળાની **આબરૂ** જતી હોય ત્યાં સુધી હું બેસી રહું ? લંકેશ્વરી રાવણ સામે લડ્યો છે છતાં નિષ્ફળ ગયો ને ભોંય ઉપર પછાડ્યો અને પારાવાર દુઃખ પામ્યો. આટલો મા જાનકીજીનો **પક્ષ** રાખ્યો તો તમે કલ્પના કરો... જટાયુને ભગવાન રામચંદ્રજી **અગ્નિસંસ્કાર** કરવા પોતે ગયા છે. અવધપતિ રાજા દશરથનો અગ્નિસંસ્કાર પ્રભુ રાઘવે પોતે નહોતો કર્યો અને અધમ ગીધ પક્ષીનો અગ્નિસંસ્કાર પ્રભુ રાઘવે પોતે કર્યો !!!

એભલખાચરે ઉમેજથી **લીંબવૃક્ષનો છોડ** લાવીને પોતાના દરબારગઢમાં રોપ્યો ત્યારે તેમને ખબર જ હતી કે, "આ લીંબવૃક્ષ નીચે અનંતકોટિ બ્રહ્માંડોના ધણી બિરાજમાન થવાના છે." પરંતુ એ સંકલ્પને **પરિપૂર્ણ** કરવા માટે જ્યારે ભક્તિને **પરાકાષ્ઠા** સુધી પહોંચાડી છે ત્યારે શ્રીજીમહારાજ ગઢડા પધાર્યા છે. ભગવાન શ્રીહરિ **ગઢડા અંત્ય પ્રકરણના ૨૪મા વચનામૃતમાં** કહે છે : "...દાદાખાચરના ઘરના માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતા નથી..." માટે અમે અહીં રહ્યા છીએ. જેના થકી આપણને આ પ્રાપ્ત થયું છે તે સર્વસ્વ લૂંટાઈ જાય તો પણ ચિંતા ન કરશો, કારણ કે એ રાજી થયા તો તમને **અક્ષરધામનું સુખ** આપશે. જેના લેખામાં જગતનું કે સ્વર્ગનું સુખ કાંઈ નથી. એ માટે આપણે મહામંત્રના માધ્યમથી એ **શ્રમ** કરી રહ્યા છીએ. **સત્સંગમાં દરેકમાં દિવ્યતા છે,** પણ તે દિવ્યતામાં **ભગવાન શ્રીહરિનો નિવાસ** છે. તેથી તે **દિવ્યતા** છે.

અમો પણ શ્રીહરિકૃષ્ણ મહારાજ પાસે **ફગવા** માંગીએ છીએ કે, "આપની **પ્રત્યક્ષ અનુભૂતિ** આ સત્સંગમાં હંમેશા વ્યાપી રહે, જેથી સમગ્ર સત્સંગમાં કાયમ **દિવ્યતા** રહે."


એકલા આત્મબળના વિશ્વાસે કાર્ય કરીએ તો ગોથા ખવાય જાય. કારણ કે ભગવાનની કૃપા નથી ભળતી ત્યાં સુધી કાર્ય **સફળ** થતું નથી. અને કૃપા પર આધાર રાખીને કર્મ ન કરો તો પણ કાર્ય સફળ થતું નથી. કૃપા અને આત્મવિશ્વાસ બંનેની **સંયુક્તિ** થાય ત્યારે જ **ફળની પ્રાપ્તિ** થાય છે. ભગવાનને રાજી કરવા માટે આપણે **કર્મ** કરવું પડશે. આ મંત્રલેખનનું કાર્ય, ભજનનું કાર્ય, આ સત્સંગની સેવાનું કાર્ય એ આપણું કર્મ છે. એ કર્મ દ્વારા **ભગવાનનો રાજીપો,** ભગવાનની **કૃપા** આપણા ઉપર વર્તે ત્યારે ભગવાન અંતસમે આવે છે અને ત્યારે માણકી પર, વિમાન પર અથવા જે ચાહે તે લઈને ભગવાન સામે લેવા માટે આવે છે.

જગતના માણસોએ બાહ્યશાંતિ અને સુખ આપે તેવા મોજશોખના **અનેક સાધનો** અપનાવ્યા છે, તોપણ તેને તેમાં **સુખ** કે **શાંતિ** મળતી નથી. તેથી જે ભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણના રંગમાં રંગાયેલ તેને કાયમ **મોજ-આનંદ** છે. તે મોજ ક્યારે આવે ? તો જ્યારે ભગવાનના રંગમાં રંગાઈ જઈએ, તેમાં જુદાપણું ન રહે, જેમ દૂધમાં સાકર ભળી હોય, પાણીમાં રંગ ભળ્યો હોય પછી પાણીને ને રંગને જુદા ન કહી શકો તે એકજ રંગ થઈ જાય છે. તેમજ આપણે પણ ભગવાન શ્રીહરિના રંગે રંગાઈ જઈશું ત્યારપછી એ **રંગ** છૂટશે નહિ. અને જે યોગમાં આવશે, જે સમાગમમાં આવશે તે તમામને પણ તેવો રંગ ચડશે. ધ્રુવ, પ્રહ્લાદને એકવાર રંગ ચડ્યો હતો. તેને પછી કોઈ આજીવન ઉપદેશ કરવા નથી ગયા ! જેને એકવખત ભગવાનના મહિમાનો **કેફ** ચડ્યો પછી તેઓ **આજીવન** કેફી રહ્યા ને અનેકને પોતા જેવા **કેફી** કર્યા છે. ભગવાનના મહિમાની એવી **ખુમારી** આપણા જીવનમાં આવે અને બીજા અનેકને એવી ખુમારી ચડાવીએ તેવી ભગવાન શ્રીહરિ આપણા ઉપર કૃપા વરસાવે.

આ સત્સંગમાં કાયમ દિવ્યતા અને સહુને આનંદ મળતો રહે. અને આ સત્સંગ પરિવાર છે. જેમ **'ડાંગ મારે પાણી છૂટા ન પડે.'** એક વખત એવું બને કે શાંત શીતળ પાણી હોય તેમાં કોઈ પથ્થર નાંખે તો એમાંથી પાણીના બુંદ, પરપોટા તે પાણીની સપાટીથી છૂટા પડીને ઉપર ઉછળે, પણ એ ઘણા સમય સુધી છૂટી રહી શકે નહી. તે વળી પાછી ઊડીને તળાવમાં જ પડે. તેમ જે સંગદોષથી **ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલા એ સિદ્ધાંતો**થી છૂટા પડી ગયા હોય તો તેના ઉપર ભગવાન શ્રીહરિની કૃપા વરસે અને તેને સદ્‌બુદ્ધિ આપી ફરી પાછા મૂળભૂત સિદ્ધાંતોમાં સમાવીને તેનું કલ્યાણ કરે તેવી **પ્રાર્થના** સહ....

(તા. ૨૩-૩-૨૦૧૧ - પ્રથમ સત્ર, ૭૩૦ કરોડ મહામંત્ર પ્રારંભ મહોત્સવ - જૂનાગઢ)

## ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંત અને મર્યાદા વચનોને પાળવામાં ક્યારેય પણ નાહિંમત કે કાયરતાના પગલા ભરવા જ નહિ !!!



કલ્યાણનું કાર્ય, પરોપકારનું કાર્ય કે **સમાજના ઉત્થાનનું કાર્ય** ક્યારેય સ્વાર્થના પાયા પર કે રાગ-દ્વેષના પાયા પર **સંભવિત** થતું નથી. સમાજને જાગૃત કે ઉન્નત કરવો હોય, જીવનમાં સુખ કે આનંદની અનુભૂતિ કરવી હોય, મનુષ્ય શરીર છોડ્યા પછી જીવાત્માને **અક્ષરધામની પ્રાપ્તિ** કરવી હોય તો એનો **સર્વશ્રેષ્ઠ ઉપાય** આપણા શાસ્ત્રોમાં ને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલ સિદ્ધાંતો ને સંપ્રદાયની **શરણાગતિ**માં રહેલો છે.

કોઈ વસ્તુની પ્રાપ્તિ કરવી એ એટલી **દુર્લભ** કે **કઠીન** નથી, જેટલી પ્રાપ્તિ થયા પછી એને જીવનમાં જાળવી રાખવી; એની એ સ્થિતિ પર ટકી રહેવું એ વ્યક્તિ માટે **બહુ કઠણ** બને છે. માણસને જિંદગીમાં **ઘણા વિઘ્નો** આવે છે જેથી તેને પોતાના **નિર્ણયો** બદલવા પડે છે. અમુક પરિસ્થિતિ એવી નિર્માણ થાય છે

કે, જ્યારે ભગવાન રામચંદ્રજીને આગળના દિવસો ગાદીનાશીન કરવાની તૈયારી ચાલતી હતી ને સવારે ખબર પડી કે ભગવાન ગાદીનશીન થવાના નથી, પણ વનમાં જવાના છે. **'ક્યાં જાણ્યું તું જાનકીનાથે, સવારે શું થવાનું છે...'** આ ચરિત્રના માધ્યમથી જીવનમાં બહુ **નિશ્ચિત વાત** સમજવાની આવે કે, ઘણીવખત પરિસ્થિતિઓ કે વિટંબણાઓ કે કોઈ જગ્યાએ સ્વાર્થ કે પોતાના જે મમત્ત્વ એ એવા **નિર્માણ** થાય છે કે વ્યક્તિને પરમાત્માનો માર્ગ સમજાણો હોવા છતાં પણ તે માર્ગ મૂકીને આડોઅવળો ડોલવા લાગે છે. અજ્ઞાની હોય કે અણસમજુ હોય તો વાત સમજાય કે તેમની ખબર નથી, પરંતુ જ્ઞાની કે સમજુ પરિસ્થિતિ કે વિટંબણાઓને આધીન થઈ ભગવાનના માર્ગ પરથી ચલાયમાન થઈ જાય છે ત્યારે એમ થાય કે આનો છૂટકારો ક્યારે થશે ? આજે એ **પરિસ્થિતિ**ની સામે **ટક્કર** ઝીલવાની છે.



**શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું છે.** આમાં અમારું કાંઈપણ **ડહાપણ** નથી. જ્યારથી આ વિટંબણાઓ શરૂ થઈ છે ત્યારથી આ જીવનમાં સૂત્ર બનાવ્યું છે અને હરિભક્તોને એ જ ભલામણ કરીએ છે કે, **હિંમત વિનાની વાત લઈને કોઈ દિવસ ન આવવું**, દુઃખ થાય તો રડી લેવું. ભગવાન પર જેને શ્રદ્ધા ન હોય તેને ચિંતા હોય, આપણને તો ખૂબજ શ્રદ્ધા છે.

ભગવાન શ્રીહરિએ આ **મહામંત્ર** પ્રગટ કર્યો તેનો **હેતુ** એ જ છે. ઘણા મંત્રો છે, ભગવાનના હજારો નામો છે, વેદોમાં પણ અનેક મંત્રો છે, પરંતુ શ્રીજીમહારાજે આપણને **એક તાંતણે બાંધવા માટે** આ **મહામંત્ર** આપ્યો છે. આ મંત્ર પ્રગટ કર્યાનો એક સંકલ્પ છે અને બીજો સંકલ્પ એ છે કે, ભગવાન શ્રીહરિએ મુમુક્ષુ જીવાત્માને બળ મળે, રક્ષણ મળે તે માટે છે. ભગવાન શ્રીહરિને સંકલ્પ થયો હશે કે, આ ઘોર કળિકાળમાં અમારો સત્સંગ ચાલશે ને ત્યારે સામાન્ય ધર્મ પાળવા મુશ્કેલ છે. આ તો **જ** માટે છે, કારણ કે તે મોક્ષધર્મમાં તો **વિશેષ** પાળવાની જરૂર પડે છે. ડગલે ને પગલે કળિયુગની સાથે, અંતઃશત્રુની સાથે, બાહ્યશત્રુની સાથે, માયાની સાથે અમારા આશ્રિતોને તો રાત્રિ-દિવસ **સંઘર્ષ** કરવાનો છે.

**ગઢડા પ્રથમ પ્રકરણના ૧૭મા વચનામૃતમાં** શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આદિક સંતોને તેડાવીને વાત કરતા કહે છે : "આપણા સત્સંગમાં થોડોક **કુસંગનો ભાગ** રહ્યો જાય છે તે આજ કાઢવો છે અને આ પ્રકરણ એવું ચલાવવું છે જે, સર્વ પરમહંસ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી સર્વે સત્સંગીમાં પ્રર્તતે, તે **સત્સંગમાં કુસંગ** તે શું છે ? તો જે 'વાતના કરનારા **હિંમત વિનાની વાત** કરે છે' તે સત્સંગમાં કુસંગ છે. તે કેવી રીતે વાત કરે છે તો એમ કહે છે જે, ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે છે ? અને વર્તમાન ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે ? માટે જેટલું પળે તેટલું પાળીએ અને ભગવાન તો અધમઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે.'' આ જે **કુસંગ** છે અને અંતઃશત્રુ, બાહ્યશત્રુ, માયા વગેરે જીવાત્માને **વિટંબણા** આપવાના જ છે. પરંતુ જો એકવખત જીવાત્માનું મન હારી ગયું તો તેનો ઉદ્ધાર એને આત્મબળ કે જ્યાં સુધી નિષ્ઠા દૃઢ નહિ થાય ત્યાં સુધી થવાનો નથી.

જેમ ભગવાન શ્રી સ્વામિનારાયણને કુસંગ દૂર કરવાનો **સંકલ્પ** થયો તેમ અમે આ જે કરીએ છીએ તે નવું નથી કર્યું. તમે જે કાંઈ જુઓ તેમાં અમારી લેશમાત્ર પણ હોંશિયારી નથી. અમે માત્ર એટલું **અનુસંધાન** રાખ્યું છે કે, **શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું છે.** આમાં અમારું કાંઈપણ **ડહાપણ** નથી. જ્યારથી આ વિટંબણાઓ શરૂ થઈ છે ત્યારથી આ જીવનમાં સૂત્ર બનાવ્યું છે અને હરિભક્તોને એ જ ભલામણ કરીએ છે કે, **હિંમત વિનાની વાત લઈને કોઈ દિવસ ન આવવું**, દુઃખ થાય તો રડી લેવું. ભગવાન પર જેને શ્રદ્ધા ન હોય તેને ચિંતા હોય, આપણને તો ખૂબજ શ્રદ્ધા છે. મા જાનકી જો લંકામાં ફક્ત તરણાં ઓથે બેઠા હોય તો આપણને તો સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશરો છે, એની ભક્તિરૂપી શક્તિની ઢાલ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના ખોળે બેઠેલો ભક્ત ક્યારેય વ્યથિત કે ચિંતિત ન થાય, હિંમત ન હારે કે મોળા વિચાર ન કરે.

**'ઈબ્તદાયે** (આરંભથી જ) **ઈશ્ક મેં રોતા હૈ ક્યાં, આગે આગે દેખીયે હોતા હૈ ક્યાં...'** શ્રીજીસમકાલીન સંતો-ભક્તોએ ભગવાન શ્રીહરિના અંગુલી નિર્દેશ આજ્ઞા પ્રમાણે કાર્ય કરીને પોતાનું જીવન **ન્યોછાવર** કર્યું ત્યારે ટૂંકસમયમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દિગંતમાં **વ્યાપ** થઈ શક્યો છે. આજે જો એની **પુનરાવર્તી** કરવી હોય તો એજ નિષ્ઠા લઈને આપણે બધાયે

ભગવાન શ્રીહરિના વચનમાં વર્તવાનું ચાલુ કરી દેવું જોઈએ. જો આપણે એવું કાર્ય કરવાનું ચાલુ કરીશું તો ભગવાન આગળ આગળ માર્ગ પહોળો કરતા જશે. આપણે કાંટા ગોતવા નહિ પડે, આપણે રસ્તો ગોતવો નહિ પડે, પણ ભગવાન આપણો રસ્તો નિષ્કંટક બનાવી દેશે. કદાચ એ માર્ગમાં બે-ચાર કાંટા વાગે તો ભલે વાગતાં શ્રીજીમહારાજે **આપણા કલ્યાણ માટે** ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો ! અને ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા ! ન કશું અન્ન, ન કોઈ ફળ, માત્ર કૌપીનભર, નીલકંઠ વર્ણીરૂપે ૭ વર્ષ સુધી ૧૧ થી ૧૮ વર્ષની કિશોરવયમાં **વન વિચરણ** કર્યું છે.

અનેક કાંટાઓ સહન કરીને, ટાઢ-તડકો-વરસાદ બધુ સહન કરીને ભગવાન શ્રીહરિએ **તપ** કર્યું છે. ભગવાનને શી જરૂર ? તો એ આપણા કલ્યાણ માટે છે. જો ભગવાન તપ કરતા હોય તો આપણને બે-ચાર કાંટા વાગે તો તેમાં શી નવાઈ ? આવી ખુમારી મનમાં રાખી સત્સંગમાં આગળ ધપીશું તો શ્રીજીમહારાજની સાક્ષીએ કહું છે કે, આપણે ક્યારેય **ઊની આંચ** નહિ આવે. શ્રીજીમહારાજ પણ **ગઢડા પ્રથમ પ્રકરણના ૭૨મા વચનામૃતમાં** કહે છે : "...જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય, ને સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય ને તે ભક્તનું કર્મ જો કઠણ હોય, ને કાળ પણ કઠણ હોય, તો પણ તે ભક્તને એવી ભક્તિનું **અતિશય બળ** છે તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું **ભૂંડું** કરી શકતા નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની **ખુમારી** રાખીને તેઓ 'આપણા ધણી, સર્વ કર્તા-હર્તા છે, સર્વકારણના કારણ છે ને હું એનો **આશ્રિત** છું, મન-કર્મ-વચને તેઓની આજ્ઞામાં વર્તવું છે. ભગવાનને રાજી કરવા હોય તેમની આગળ મોટપ રાખીને તે કાર્ય ન થાય. ભગવાનની આગળ તો હાથ જોડીને કહેવું : **'અધમ ઉદ્ધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે; જેવો તેવો તોય પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે....'**

આ શબ્દો આપણને ખૂબજ શીખવે છે. સંતો આપણને ભગવાનની સમક્ષ **નિર્માનીપણુ** રાખવા કે **સ્વભાવ** ટાળવા માટે કહે તો અવગુણ ન લેવો, પરંતુ તે મારા હિત માટે જ કહે છે તેમ જાણવું. શ્રીજીમહારાજ **ગઢડા મધ્ય પ્રકરણના ૩૭મા વચનામૃતમાં** કહે છે : "...એ સ્વભાવ મુકાવ્યા સારું જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય તેના વચનને વિષે અતિશય વિશ્વાસ હોય, અને ઉપદેશના કરનારાની ઉપર સાંભળનારાને અતિશય પ્રીતિ હોય, અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલા દુઃખવીને કઠણ વચન કહે તો પણ તેને હિતકારી જ માનતો જાય, તો **સ્વાભાવિક** જે **પ્રકૃતિ** છે તે પણ નાશ થઈ જાય. પણ એ વિના બીજો કોઈ ઉપાય નથી. માટે જેને પોતાની પ્રકૃતિ ટાળ્યાની ઈચ્છા હોય તેને પરમેશ્વર તથા સત્પુરુષ તે સ્વભાવ ટાળ્યા સારું ગમે તેટલા તિરસ્કાર કરે ને ગમે તેવા કઠણ વચન કહે તોપણ કોઈ રીતે દુઃખાવું નહિ, ને કહેનારાનો ગુણ જ લેવો એવી રીતે વર્તે તો કોઈ રીતે ન ટળે એવી પ્રકૃતિ હોય તોય પણ તે ટળી જાય છે..."

ભગવાન શ્રીહરિ **દેશ-વિભાગના લેખમાં** કહે છે : (૧) ને શ્રીધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય, શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી શ્રીધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ, સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ **આજ્ઞા** છે જે તમારા જીવના કલ્યાણને અર્થે **શ્રીધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો** ને મન, કર્મ, વચને આજ્ઞામાં રહેજ્યો. (૨) ને તેમાં જે ફેર પાડી **અન્ય આશ્રય** કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાળે **સુખ** થાશે નહિ. ને અતિ **કષ્ટ**ને પામશે.

(દેશ-વિભાગનો લેખ : કલમ -૧૬)

આપણે પણ શ્રીજીમહારાજની ઉપરોક્ત **આજ્ઞા-મર્યાદાનું અનુસંધાન** રાખીએ છીએ તેથી સુખ વર્તે છે. આ રીતે જ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં રહીને **સેવાકાર્ય** કરીશું તો સમગ્ર વિશ્વમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય **શિરમોડ** થઈને રહેશે અને વિશ્વના સમગ્ર સંપ્રદાયોમાં **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો જયજયકાર** થશે. કોઈને સત્સંગ કરાવવો હશે તો સ્થળો ગોતવા પડે કે ક્યાં સત્સંગ કરાવીએ ? એટલી વ્યાપકતા અને એવી દિવ્યતા આ સંપ્રદાયને મળે. અને એવી દિવ્યતા આ સંપ્રદાયના દેવોમાં, શાસ્ત્રોની પરંપરામાં, આચાર્યશ્રીની પરંપરામાં, સંતોની પરંપરામાં અને હરિભક્તોની પરંપરામાં રહેલી છે. બીજા સંપ્રદાયોમાં પંચવર્તમાન છે જ નહિ. અહીં કોઈ સંપ્રદાયના ખંડનની વાત નથી. શાસ્ત્રોએ તો દરેકને ઉપદેશ આપ્યો છે. પરંતુ નિષ્ઠાવાન હરિભક્તો તૈયાર કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે **દારુ ન પીવો, માંસ ન ખાવું (માટી), વ્યભિચાર ન કરવો, ચોરી ન કરવી, વટલવું નહિ ને વટલાવવું નહિ** - આ **પાંચ વર્તમાન** બાંધી આપ્યા છે. એવા હરિભક્તો આજે સંપ્રદાયને મળ્યા છે તેનું **ગૌરવ** છે.

શ્રીજીમહારાજને મનમાં વિચાર થયો હશે કે, અમારા આશ્રિતોએ **રાત્રિ-દિવસ** કળિયુગની સાથે, અંતઃશત્રુની સાથે, બાહ્યશત્રુની સાથે, માયાની સાથે **સંઘર્ષ** કરવો પડશે તો એવો મંત્ર બળવાન આપું કે જે નામસ્મરણના બળથી શત્રુઓ વિરામને પામે. પરંતુ તે નામજપમાં આર્તનાદ હોવો જોઈએ. તે નાદબ્રહ્મ છે. જ્યારે નાદબ્રહ્મથી આર્તનાદ ઉપજે ત્યારે બ્રહ્મને પરબ્રહ્મનો **સાક્ષાત્કાર** થાય છે. અને બધાને બ્રહ્મરૂપ થવાનો અધિકાર છે.

(તા. ૨૩-૩-૨૦૧૧ - દ્વિતીય સત્ર, ૭૩૦ કરોડ મહામંત્ર પ્રારંભ મહોત્સવ - જૂનાગઢ)



# અનેક અંતઃશત્રુ અને વિઘ્નોને ટાળનાર અમોઘ બ્રહ્માસ્ત્ર; 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો અનેરો માહાત્મ્ય–પ્રભાવ...

ભગવાન શ્રીહરિએ સંકલ્પ કર્યો : "**બ્રહ્માંડ આખાના જીવ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરશે ત્યારે સત્સંગ થયો** એમ જાણવું." અને "**કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય એવી સો કરોડ મનવારો ભરાય એટલા જીવનું કલ્યાણ કરવું છે.**" આ સંકલ્પ શ્રીજીમહારાજનો છે. કારણ કે આ સંકલ્પની શરૂઆત બદ્રિકાશ્રમમાં જ્યારે દુર્વાસામુનિનો શ્રાપ થયો ત્યારથી થઈ છે. જેની નોંધ લેતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી '**શ્રી સત્સંગિજીવન**' ગ્રંથમાં કહે છે :

'तमाह भगवांस्तात ! चिन्तां मा कुरु चेतसि ।
मदिच्छयैव शापोऽयं जात इत्यवधार्यताम् ॥
प्रवृत्तोऽस्त्यधुना भूयानधर्मो भुवि सर्वतः ।
कलेर्बलं समासाद्य पीड्यन्ते तेन मानवाः ॥
अतस्त्वत्पुत्रतां भूयो हरिनामाऽहमाप्य तम् ।
सर्वतो नाशयिष्यामि पालयन्साधुपूरुषान् ॥
धर्मज्ञानविरागाढ्यां भक्तिं भुवि यथा पुरा ।
प्रवर्तयिष्ये युष्माभिः सहैव विचरन्नहम् ॥'

ભગવાન શ્રી **નારાયણ** કહે છે : "હે તાત ! તમે મનમાં જરા પણ ચિંતા ન કરો. મારી ઈચ્છાથી જ આ શાપ થયો છે એમ તમે જાણો. પૃથ્વી પર અત્યારે ચારે બાજુ અધર્મનું સામ્રાજ્ય છવાયું છે. કળિયુગના પ્રભાવથી વૃદ્ધિ પામેલો અધર્મ મનુષ્યોને ક્લેશ પમાડી રહ્યો છે. તે કારણથી હું તમારે ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટ થઈ '**હરિ**' એવા નામથી વિખ્યાત બનીશ. સાધુ પુરુષોનું પાલન કરીશ અને અધર્મનો સંપૂર્ણપણે વિનાશ કરીશ. તમારી સાથે વિચરણ કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય યુકત ભક્તિનું ભારતભૂમિ ઉપર **પુનઃ પ્રવર્તન** કરીશ." (શ્રી સત્સંગિજીવન : ૧/૯/૩૮-૪૧)

ઉપરોક્ત **સંકલ્પ** ભગવાન શ્રીહરિનો જ છે, ને એ ભગવાનના સંકલ્પને પૂરી કરવાની **સામર્થિ** પણ ભગવાનમાં છે. તમને અને અમને **નિમિત્ત** કદાચ બનાવે, તે તો આપણા પર ભગવાનની **કૃપાદૃષ્ટિ** કહેવાય. આપણે તો સેવાના સદ્‌ભાગી બન્યા તે આપણે બહુ મોટા **બડભાગી** છીએ.

આ મહામંત્ર લેખન અનેક જીવાત્માને એક તાંતણે બાંધનારો **મહામંત્ર** છે. અમોને વિશ્વાસ છે કે, જ્યારથી સંપ્રદાયની સ્થાપના થઈ ત્યારથી અનેક જીવાત્માઓનું **આત્યંતિક કલ્યાણ** કર્યું હોય તો તે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રે કર્યું છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. અને સાથે સાથે સંપ્રદાયની **ઉન્નતિ-પ્રગતિ** કરી હોય, ગામડે-ગામડે, શહેરોશહેર, નગરોનગર સંપ્રદાયનો **વિકાસ** થયો હોય તેમાં શ્રીજીસમકાલીન સંતો-ભક્તોના **દાખડાનું પરિણામ** છે. તેઓએ આ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ભજનના માધ્યમથી અનેક મુમુક્ષુ જીવાત્માઓને ભગવાનના સ્વરૂપમાં જોડ્યા છે. અને આજે પણ આ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર સંસારની ઘોર વિટંબણામાં પણ **શીતળતા** ને **શાંતિ** પ્રદાન કરનારો છે. પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી** પણ વાત કરે છે કે, 'ભગવાનનું ભજન કરવું એ જ આપણી પાસે **બ્રહ્માસ્ત્ર** છે.'

સમગ્ર વિશ્વમાં આ મહામંત્રના ભજનરૂપી બ્રહ્માસ્ત્રને કોઈ તોડી શકે તેવી તાકાત કે શક્તિ નથી. આજે સમગ્ર વાતાવરણમાં '**સ્વામિનારાયણ**' નામ ગૂંજવા લાગ્યું એ શ્રેય પણ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ને જ છે. આજે કેટલી બધી વિટંબણા આવતી હોય તો પણ આપણા હૃદયમાં **ધબકારો** થતો નથી તેનું કારણ આ 'શ્રી સ્વામિનારાયણ' **મહામંત્ર** છે. અમે એજ **અપેક્ષા** રાખીએ છીએ કે, ભક્તજનો વિશેષને વિશેષ ભક્તિ કરે ને ભગવાન શ્રીહરિના રાજીપાના

**અધિકારી** બને.

પહેલાના જમાનામાં કાર્યની સફળતા માટે યજ્ઞ કરવામાં આવતા હતા. અને આજે કળિયુગમાં નામ-સ્મરણરૂપી **જપયજ્ઞ** કરવામાં આવે છે ને તેની સિદ્ધિ પણ એટલી પ્રાપ્ત થાય છે. એમ શાસ્ત્રોમાં બતાવ્યું છે. તીર્થયાત્રા ગંગાસ્નાન કરવા માટે હરિદ્વાર જવું પડે આજે ઘેર બેઠાં જપયજ્ઞરૂપી **ભાગીરથી** આવી છે તો તેમાં જરૂર **સ્નાન** કરીને પોતાના જીવનને **ધન્યભાગી** બનાવજો. સોરઠ માટે એક **કહેવત** છે કે :- **'સોરઠ દેશ સોહામણો, ગઢ જૂનો ગિરનાર; સાવજડાં સેંજળ પીએ, જેના નમણા નર ને નાર.'** અને હવે તો નમણા નહિ, પણ **બમણા** થયા છે.

એક **સામાન્ય સિદ્ધાંત** છે કે સુખ હંમેશા સનાતન સત્યમાં હોય છે. પુરુષોત્તમનારાયણ એક સત્ય છે ને તે તત્ત્વ એક છે. આજે તે તત્ત્વની બધાને **અનુભૂતિ** થાય છે તેની પાછળનું કારણ ભગવાન શ્રીહરિએ સ્થાપેલ સિદ્ધાંતોનું પાલન છે. શ્રીજીમહારાજનો રાજીપો મેળવવા માટે અને અક્ષરધામની પ્રાપ્તિ માટે જે **પુરુષાર્થ** કરીએ છીએ તે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલ સિદ્ધાંતની પદ્ધતિ પ્રમાણે ને એક નિષ્ઠાથી જો આપણે કરીશું તો આપણા બધાનો **સરવાળો** એક **અક્ષરધામ**નો આવશે. અને જો તેમાં કાંઈ ફેરફાર કર્યો તો તેના સરવાળાનો ઉત્તર જુદો હશે. જે સિદ્ધાંતને સમજ્યા છીએ, વર્ત્યા છીએ માટે આજે આપણને આનંદ છે. અને તે સિદ્ધાંતોને સાથે રાખીને આજ્ઞા-ઉપાસના પ્રમાણે આપણે **હરહંમેશ** ચાલીએ તો આપણા જીવનની **ઉન્નતિ** થવાની છે. આ મહામંત્ર લેખનરૂપી **ભક્તિની ગંગા** કાયમ વહેતી રહેવાની છે તેમાં જેને **સ્નાન** કરવું તે બધાને છૂટ છે. આ કાર્ય કરવામાં જે યુવાન સંતોમાં પ્રતાપ દેખાય છે તે દીક્ષાના બળનો પ્રતાપ છે. આ સંતો-ભક્તો પોતાનું જાણીને કાર્યમાં લાગી જાય છે તેથી અમોને ક્યારેય **એકલતા** લાગતી નથી. આ યુવાન સંતો હંમેશા ધર્મમર્યાદામાં રહીને **સાધુતાના પાત્ર** બને તેવી ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં **પ્રાર્થના** સહ....

(તા. ૨૪-૩-૨૦૧૧ - પ્રથમ સત્ર, ૭૩૦ કરોડ મહામંત્ર પ્રારંભ મહોત્સવ - જૂનાગઢ)

# રંગપંચમીના દિવસે જન્મોત્સવ પ્રસંગે પ્રાર્થનામૂલક પ્રેરક સદુપદેશના પીયૂષવચનો...



**રંગપંચમી** એ ભારતીય સંસ્કૃતિનો એક **અનેરો તહેવાર** છે. અમારા કંઈક **સદ્‌ભાગ્ય** હશે કે અમને આ દિવસે **જન્મ** મળ્યો છે. ગંગા **ભાગીરથી** કહેવાય છે, પણ ગંગાજીને પૃથ્વી પર લાવવા માટે ભગીરથ રાજાની અગાઉની ત્રણ પેઢીએ એ કાર્ય કર્યું છે એમ પ.પૂ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જે આ **સત્સંગની ખેડ** કરી તેમાં હું તો સીધો ચાલુ વહેતી ગંગામાં આવી ગયો એટલે વધારે હરિભક્તોના **ઘર** અને **હૃદય** સુધી પહોંચી શક્યો છું. પરંતુ આ જે **મહેનત** એ પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ **ગામડે-ગામડે સત્સંગ વિચરણ** કરીને કરી છે. એ જમાનામાં લાઈટ ન હોય, ઉતારાની વ્યવસ્થા ન હોય તોપણ પ.પૂ. મહારાજશ્રી અને સંતો ગામડા ફરી સત્સંગને **જાગૃત** કરવાનું **અભિયાન** છેડ્યું તેનું આ **પરિણામ** છે. એ જાગૃત કરનાર સર્વે પૂ. મહારાજશ્રી, પૂ. માતુશ્રી, અમારા ગુરુજનો, પૂર્વે આચાર્યશ્રીઓ વગેરોના ચરણારવિંદમાં મારા વંદન કરું છું. અમારા જે કંઈ ગુણો, સત્સંગમાં ચાહના વગેરે છે તે આ **વડીલોના આશીર્વાદ**થી છે. આજની **સત્સંગ જાગૃતિ**નો **યશ** પણ તેમને જ **આભારી** છે.

શ્રીહરિકૃષ્ણ મહારાજે અમોને આ **ધર્મકુળમાં જન્મ**

આપ્યો છે તે કોઈ સ્થાન કે કોઈ માલ-મિલ્કત લેવા માટે તેવું આ સ્થાન નથી. આ સ્થાનનો તો સતત **અહેસાસ** છે કે, **અમારા ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણની આંખો સદાય અડગ નોંધ કરી રહી છે.** એટલા માટે ડગલે ને પગલે અમે **સાવધાની** રાખવા માંગીએ છીએ. શ્રીજીમહારાજે પોતાના ધર્મકુળમાં, ગાદીસ્થાનમાં જન્મ આપ્યો ત્યારે કંઈક વિશ્વાસ મૂકીને અમારા પાસે કંઈક એવું કાર્ય કરાવવું હશે એ **સંકલ્પ** સાથે જ જન્મ આપ્યો હોય ત્યારે એ **વિશ્વાસ** પર ક્યારેય વિશ્વાસઘાત ન થાય તેનું **અનુસંધાન** અમે કાયમ **સતત** રાખીએ છીએ.

અમારી સાથે હેતથી જોડાયેલ અને ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને **ભગવી કંથા** લીધેલ **સંતો** પણ હંમેશા **અનુસંધાન** રાખે છે કે, તેનો દ્રોહ ન થઈ જાય, તેનો વિશ્વાસ ભંગ ન થાય. અને હરિભક્તો પણ તેના વચનમાં વિશ્વાસ રાખી વર્તે છે. તમને બધાએ સૌએ દીર્ઘાયુષ્ય માટે, આરોગ્ય માટે **પ્રાર્થના** કરી છે. પરંતુ દીર્ઘાયુષ્ય આપે કે ન આપે પણ **જેટલું આયુષ્ય આપે તેટલું** સત્સંગને **સમર્પિત** થઈને વીતાવીએ, ભગવાન શ્રીહરિની સેવા ને આજ્ઞાને અર્થે વીતાવીએ એવી ભગવાન શ્રી સ્વામિનારાયણ અમારા પર **કૃપા** વરસાવે. જેવો મુક્તાનંદ સ્વામીનો **ચડતો રંગ** સત્સંગમાં હતો એવો આપણા સૌના જીવનમાં રહે એવી ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં સમગ્ર સંતો-ભક્તો વતી **પ્રાર્થના** કરું છું. આ ખુમારી, બળ, પ્રેરણા એ ભગવાન શ્રી સ્વામિનારાયણ **હરહંમેશ** પૂરુ પાડે અને એમના માટે જીવન **સમર્પિત** કરીને કાયમ **જીવિતવ્ય** થાય એવી પ્રાર્થના કરી, ભગવાન શ્રીહરિને આપણે એમ કહીએ કે :-

**'ઐસે રંગ રંગો મોહે કી રંગ નાહી છૂટે, ધોબીએ**
**ધોએ ચાહે સારી ઉંમરીયા; રંગ દે ચૂનરીયા...'**

ભગવાનની **ભક્તિ**નો **રંગ** એવો ચડે, આ ૭૩૦ કરોડ મહામંત્ર લેખન કાર્યનો એવો **રંગ** ચડે કે આપણા શ્વાસોશ્વાસમાં **'સ્વામિનારાયણ'** ઘૂંટાઈ જાય, રટાય જાય અને કંડારાય જાય. શ્વાસ લેવો હોય તો **'સ્વામિનારાયણ'** સિવાય ન નીકળે એવું જ્યારે જીવન આપણે બનાવશું ત્યારે સત્સંગમાં કરેલો દાખડો **સફળ** થયો જાણવો.

અમારા પ્રત્યે તમો **આવો ને આવો પ્રેમ** કાયમ રાખજો. અમો **હંમેશા** કહીએ છીએ કે, અમારા સાચા સગા આ **સત્સંગ પરિવાર** છે. કાંઈ સારો-નરસો પ્રસંગ થયો હોય ત્યારે **છપૈયા** સમાચાર મોકલીએ તો ત્રણ દિવસે આવી રહે ને તમને ત્રણ મીનિટ ન લાગે. આ દુનિયાની દૃષ્ટિએ **સાચા** સગા તમને માન્યા છે ને **પરલોકના સગા** પણ તમને જ માન્યા છે. માટે આવો ને આવો **પ્રેમભાવ-સ્નેહભાવ** એ તમારા સર્વે તરફથી પ્રાપ્ત થતો રહે એજ **અભ્યર્થના.**

અમારો એક **સંકલ્પ** છે તેમાં જેને જોડાવું તેને છૂટ છે : દુનિયામાં ખૂણે-ખૂણે એટલે કે **અવિરતપણે** સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો **ઝંડો** ફેલાવવો છે, જ્યાં જ્યાં **પ્રભાવ** પડી શકે ત્યાં ત્યાં જવું છે ને એનો **સાક્ષાત્કાર** સર્વેને કરાવવો છે. આ સંકલ્પને ભગવાન શ્રીહરિ **પરિપૂર્ણ** કરે ને એવું બળ અર્પે એવી આજના અમારા જન્મદિવસે **પ્રાર્થના** સહ..... (તા. ૨૪-૩-૨૦૧૧ - ૩૮મો જન્મોત્સવ - જૂનાગઢ પ્રસંગે...)




પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર પ્રકાશિત

# શ્રીમદ્ સત્સંગિજીવન

**સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો મહાન સમ્રાટ ગ્રંથ (મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર)**

**સંશોધક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) **પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## ટૂંક સમયમાં જ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન...

જે કોઈ હરિભક્તો તરફથી **રૂા.૧૫૦૦/-**નું સૌજન્ય આપવામાં આવશે તેમનું આ ગ્રંથમાં દાતાની નામાવલિમાં નામ લખાશે તેમજ તેમને **રૂા.૧૫૦૦/-** દીઠ એક ગ્રંથ ભેટ આપવામાં આવશે. (આ પ્રમાણે **રૂા.૩૦૦૦/-** લખાવશે તેને બે સેટ અને **રૂા.૫૫,૦૦૦/-** લખાવશે તેને પાંચ સેટ ભેટ આપવામાં આવશે. તેમ આગળ રકમ પ્રમાણે ગ્રંથ ભેટ આપવાનું યથાયોગ્ય જાણી લેવું.) વિશેષમાં દાતા-ભક્તજનો દ્વારા પ્રાપ્ત થયેલા સૌજન્યને આભારી આ ગ્રંથની કિંમત ઓછી થશે, જેથી નાનામાં નાના ભક્તો પણ આ ગ્રંથને પોતાને ઘેર વસાવીને ગ્રંથ સેવનથી કૃતાર્થ થશે અને દાતા-ભક્તોને પણ એક **'શ્રીમદ્ સત્સંગિજીવન'ના દાન જેટલું ફળ** શ્રીમદ્ સત્સંગિજીવનમાં કહ્યા મુજબ ભગવાન શ્રીહરિની કૃપાથી અવશ્ય પ્રાપ્ત થશે.

આ ગ્રંથમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે સેવા લખાવી પોતાની સંપત્તિનું સદ્‌વ્યય કરવાપૂર્વક ગ્રંથલાભ સહિત શ્રીજીમહારાજનો રાજીપો પ્રાપ્ત કરવા ઈચ્છતા ભક્તજનો, **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**ના નામથી ચેક/ડ્રાફ કે રોકડ રકમ મોકલી શકશે. જેની મંદિર તરફથી પાકી પહોંચ આપવામાં આવશે. (**નોંધ :** આ પહોંચને ગ્રંથ ભેટ પ્રાપ્તિ સુધી સાચવીને રાખવી જરૂરી છે.)

**ખાસનોંધ :-** આ ગ્રંથમાં જે કોઈ સેવા-સૌજન્ય લખાવવા માંગતા હોય તેમણે સરધાર મંદિર અથવા તો પૂ. સંતોનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,** તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩/૧૦, ૯૪૨૮૮૯૦૨૧૧



# સત્સંગ સમાચાર પત્રિકા

- સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી





મકરપુરા (વડોદરા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ 'અખંડ ધૂન' પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા.૧૫-૮-૧૧)






વડોદરાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૬૩મા જન્મોત્સવ પ્રસંગે યોજાયેલ 'સત્સંગ સભા'માં પધારતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. (તા.૨૧-૮-૧૧)





શ્રીજીમંદિર (સુરત)શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પ્રસંગે યોજાયેલ દિવ્ય સત્સંગ સભા તથા સમુદ્ર સ્નાન (તા.૨૨-૮-૨૦૧૧)



ગઢડાને આંગણે શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોના
સાંનિધ્યમાં યોજાયેલ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવમાં પધારતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તેમજ
ઉન્મંતગંગામાં સ્નાન કરતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૨૨-૩-૨૦૧૧)



નિંગાળા (ગઢડા)ને આંગણે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પ્રસંગે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ
દિવ્ય સત્સંગ સભા. (તા.૨૨-૮-૨૦૧૧)



મલાડ (મુંબઈ)ને આંગણે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ
દિવ્ય દ્વિમાસિક સત્સંગ સભા. (તા.૪-૯-૨૦૧૧)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ

# 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ' હેરો-લંડન (તા. ૨૫ થી ૨૯-૮-૨૦૧૧)



હેરો-લંડનને આંગણે ભક્તોને સત્સંગનું બળ મળે, શ્રીજીમહારાજે સ્થાપેલ ષડ્અંગી દિવ્ય સંપ્રદાયની નિષ્ઠા સાથે સાચો મહિમા સમજાય, નિયમ-નિશ્ચય-પક્ષની દૃઢતા થાય, અને સત્સંગનો ઉત્કર્ષ થાય એવા શુભ હેતુથી સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ **શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** દિવ્ય સાંનિધ્યમાં **ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ** - યુ. કે. દ્વારા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા રચિત સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ'**નું **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના** વક્તાપદે **તા. ૨૫-૮-૨૦૧૧, થી તા. ૨૯-૮-૨૦૧૧** સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કથા પ્રસંગે ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

કથા દરમ્યાન બંને સત્રમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધારી ભક્તજનોને પોતાની દિવ્ય અમૃતવાણી દ્વારા આશીર્વાદ પાઠવીને ધન્યભાગી કર્યા હતા. આ કથાપારાયણનો ઈંગ્લેન્ડના ઓલ્ડહામ, લેસ્ટર, કાર્ડિફ, હેરો, વિલ્સડન, નિજસ્ડન, સ્ટ્રેધામ, વુલવીચ, ઈસ્ટલંડન, વેમ્બલી વગેરે વિસ્તારોના હરિભક્તોએ લાભ લઈને વિશાળ કેન્ટન હોલ પણ સાંકડો પાડ્યો હતો.



આ વિદેશ યાત્રામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સ્વામી, પૂ. પૂર્ણસ્વરૂપ સ્વામી, પૂ. ઘનશ્યામ સ્વામી (વાડી), પૂ. સર્વમંગલ સ્વામી (વડતાલ), પૂ. જ્ઞાનવલ્લભ સ્વામી, પૂ. નિર્દોષસ્વરૂપ સ્વામી વગેરે સંતો જોડાયા હતા.














હેરો-લંડનને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮
શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી
શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ' (તા. ૨૫ થી ૨૯-૮-૧૧)



હેરો-લંડનને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ' (તા. ૨૫ થી ૨૯-૮-૧૧)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પધારો સરધાર...

## દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી આઠમ સુધી...

ચાલો સરધાર..

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે સરધારધામને આંગણે સોળમી





# શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી

સરધાર ૨૦૧૧



## તારીખ :- ૨૪-૧૦-૨૦૧૧ થી ૩-૧૧-૨૦૧૧ સુધી

**આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩**

## દરેક ઘરની દિવાલોને શોભાવે તેવું નૂતન વર્ષનું તિથિ-તારીખ કેલેન્ડરનું પ્રકાશન...



પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મંદિર - જૂનાગઢ** દ્વારા બહુરંગી પૃષ્ઠો સાથે પવિત્ર તહેવારો, જાહેર રજાઓ, તિથિઓ, વિવિધ મુહૂર્તો તેમજ પંચાગની માહિતી આપતું આકર્ષક ભગવાન શ્રીહરિ સ્થાપિત, **શ્રી રાધારમણ દેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ**ની નયનરમ્ય મૂર્તિ સહિત વડતાલ, ધોલેરા, ગઢડાના આરાધ્ય દેવો સાથે તિથિ-તારીખનું કેલેન્ડર દરેક ભાવિક ભક્તજનોને સહેજે આનો લાભ મળે તેવા શુભ હેતુથી ખાસ ડીસ્કાઉન્ટ સાથે છપાઈ રહ્યું છે. જેની દરેક ભક્તોએ નોંધ લેવી.

**નોંધ :-** જેમને ધંધા કે ઓફિસ, કંપની, ફેકટરી યા તો દુકાનની જાહેરાત માટે છપાવવા હોય તેમને રૂા. ૫/- ઓછામાં ઓછા ૫૦૦ નંગ સાથે જાહેરાત છપાવીને આપવામાં આવશે.

**સંપર્ક :- વિશાલ પટેલ - રાજકોટ.** મો. ૯૮૭૯૭૧૨૭૬૮, ૮૧૨૮૬૯૧૫૧૦. **શ્રી સ્વા. મંદિર - જૂનાગઢ.** ફો.નં. ૦૨૮૫ - ૨૬૫૦૬૮૦. **ગઢડા.** ફો.નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦. **સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧ **વડતાલ.** ફો.નં. ૯૮૨૫૧૩૪૧૦૮. **શ્રીજીનગર(સુરત).** મો. ૯૮૭૯૭૫૮૫૧૩. **બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧.

દર મહિનાના પહેલા રવિવારે **સરધાર** અને મહિનાના છેલ્લા શનિવારે **રાજકોટ**માં યોજાતી

## અભયદાન સત્સંગ સભા

| :: સરધાર :: | :: રાજકોટ :: |
|---|---|
| તા. ૪-૯-૧૧ | તા. ૨૪-૯-૧૧ |
| -: સમય :- | -: સમય :- |
| સવારે ૮ થી ૧ | રાત્રે ૯ થી ૧૧ |

સંપર્ક :- શ્રી સ્વા. મંદિર - સરધાર,
ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩
શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૨૨૯૫૫૮,
શ્રી કરશનભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

## આપ આજે જ વસાવો.. નિત્ય ગૃહોપયોગી પંચાગ




# કેલેન્ડર ડટ્ટા

:: પ્રસિદ્ધ કર્તા ::

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**શ્રી સ્વામિનારાયણ મંદિર**

**શ્રીજીનગર (સુરત)**

**પ્રાપ્તિસ્થાન :- શ્રીજીનગર(સુરત).** મો. ૯૮૭૯૭૫૮૫૧૩. **વડતાલ.** ફો.નં. ૯૮૨૫૧૩૪૧૦૮. **ગઢડા.** ફો.નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦. **શ્રી સ્વા. મંદિર - જૂનાગઢ.** ફો.નં. ૦૨૮૫ - ૨૬૫૦૬૮૦. **સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧ **બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧.

આ મહોત્સવમાં જેમના ફોર્મ પાસ થયા છે તેમને ટ્રેનમાં અથવા સ્પેશ્યલ વિમાનમાં આવનાર તમામ હરિભક્તોને તા. ૨૦-૧૨-૨૦૧૧ સુધીમાં ક્યાંથી કેવી રીતે ઉપડવાનું અને ક્યા વિમાન કે ટ્રેનમાં જવાનું તેમજ આવવાનું વગેરે વ્યવસ્થાની જાણ કરવામાં આવશે. ટ્રેનમાં આવનાર હરિભક્તોએ રસ્તામાં જમવાની અને નાહ્યા-ધોવાની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. બસ એજ આ મહોત્સવ દિવ્ય બનાવવા માટે આપ સર્વેનો સાથ-સહકાર મળી રહે એજ અભ્યર્થના સહ...

**ખાસ નોંધ :-** મહોત્સવમાં આવનાર તમામ હરિભક્તો માટે જમવાની તેમજ રહેવાની વ્યવસ્થા ટેન્ટમાં કરવામાં આવશે. તેમ છતાં બહાર રહેવાની ઈચ્છા રાખતા હરિભક્તોએ અહીં હોટલો ઉપલબ્ધ હોય માટે પોતાની રીતે વ્યવસ્થા કરવાની રહેશે.

આ વિમાનયાત્રામાં આવનાર ભક્તોએ **રાજકોટ, અમદાવાદ, વડોદરા** અને **સુરત** શહેરના **એરપોર્ટ** પર **મહોત્સવ સમિતિ** દ્વારા આપવામાં આવેલ **સમય** પ્રમાણે પહોંચવાનું રહેશે.

**લી. મહોત્સવ આયોજક સમિતિના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ....**

**આયોજક**

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,**

તા.જી. રાજકોટ-૩૬૦ ૦૨૫, (ગુજરાત)

**કથા સ્થળ**

**'શ્રી સત્સંગિજીવન ગ્રંથ સંવાદસ્થાન'**

ચક્રતીર્થ, જગન્નાથપુરી (ઓરિસ્સા)

**-: નિમંત્રક :-**

યજમાન પ.ભ.શ્રી ડુંગરશીભાઈ ગોપાલભાઈ નિસર પરિવાર (નવાગામ, ભચાઉ-કચ્છ)

હ. સુપુત્રો પ.ભ.શ્રી અમરશીભાઈ, રસીકભાઈ, રમેશભાઈ તથા પૌત્ર ચિરાગ, ખુશ - થાણા (મુંબઈ)

**સંપર્ક :-** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૪૨૮૬૮૪૮૬૮ (મહેતાજી)

**Online :-** www.swaminarayanvadtalgadi.org · www.sardharkatha.org · www.gopinathji.com

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, સમસ્ત બૃહદ મુંબઈ પરાવિસ્તાર **ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ** આયોજીત

**શ્રીહરિના દિવ્ય શ્રાદ્ધોત્સવ નિમિત્તે**

# સેલણ મહોત્સવ તથા

## નવદિનાત્મક દિવ્ય સત્સંગ સભા

**:: વક્તા ::**

પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**:: બોરિવલી ::**
તા. ૨૦-૧૨-૨૦૧૦ મંગળવાર
(સમય : રાત્રે ૯ થી ૧૧.૦૦ કલાકે)
:: સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - બોરિવલી

**:: દહિસર ::**
તા. ૨૧ થી ૨૨-૯-૨૦૧૦
ભગવાવ શ્રીહરિનો શ્રાદ્ધોત્સવ - ૨
(સમય : રાત્રે ૯ થી ૧૧.૦૦ કલાકે)
સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર - દહિસર

**:: વાશી ::**
તા. ૨૩-૯-૨૦૧૦ શુક્રવાર
(સમય : રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાકે)
સ્થળ :- અંબાવીભાઈ વાવીયાની સાઈડ, સ્વેચી પ્રોપર્ટી,
ધ અફેર સે-૨૭, સાતપડા નવી મુંબઈ

**:: પુના ::**
તા. ૨૪-૯-૨૦૧૦ શનિવાર
(સમય : રાત્રે ૯ થી ૧૧.૦૦ કલાકે)
:: સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સાંગવી

**:: ભૂલેશ્વર ::**
તા. ૨૫-૧૨-૨૦૧૦ રવિવાર
(સમય : રાત્રે ૯ થી ૧૧.૦૦ કલાકે)
:: સ્થળ ::
લાડની વાડી, સી.પી. ટેન્ક, ભુલેશ્વર

**:: કૂર્લા ::**
તા. ૨૫-૯-૨૦૧૦ રવિવાર
(સમય : સાંજે ૪ થી ૧૦.૦૦ કલાકે)
:: સ્થળ ::
સેન્ટ જ્યુડ હાઈસ્કુલ (કાજુપાડા પાઈપલાઈન) વેસ્ટ)

**:: થાણા ::**
તા. ૨૬ થી ૨૭-૯-૨૦૧૦ રવિવાર
(સમય : રાત્રે ૯ થી ૧૧.૦૦ કલાકે)
સ્થળ :- કાંતી વિસરીયા હોલ,
ગાંવદેવી મેદનની, મેદાની બાજુમાં, થાણા

**:: ડોંબીવલી ::**
તા. ૨૯-૯-૨૦૧૦ ગુરુવાર
(સમય : રાત્રે ૯ થી ૧૧.૦૦ કલાકે)
:: સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલી

**:: વિશેષ સત્સંગ સભા :**

કાંદિવલી:- તા. ૨૦-૯-૨૦૧૦ બુધવાર
સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર - કાંદિવલી (સમય : સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાકે)
મલાડ :- તા. ૨૧-૯-૨૦૧૦ ગુરુ વાર
સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર - મલાડ (સમય : સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાકે)

**:: સંપર્ક :**

પૂ. પ્રેમ સ્વામી - મો. ૯૩૨૨૭૫૩૦૫૨
ડોંબીવલી મંદિર - ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પધારો જગન્નાથપુરી...** **પધારો જગન્નાથપુરી...**

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮
શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**૧૮૦ વર્ષ બાદ સૌપ્રથમવાર**



## પવિત્ર ધનુર્માસમાં 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથરાજના સંવાદસ્થાન

ચક્રતીર્થ જગન્નાથપુરીને આંગણે...

# શ્રીમદ્ સત્સંગિજીવનની મહોત્સવ કથા

**પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ૨૫૦મી કથાપારાયણ**

**તારીખ :- ૨૬-૧૨-૨૦૧૧ થી ૩-૧-૨૦૧૨**



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

વિશ્વવંદ્ય એવી ભારતીય સંસ્કૃતિમાં ધર્મગ્રંથોમાં વર્ણન કરાયેલા **અતિ પ્રસિદ્ધ** અને **મહિમાશાળી** ભારત દેશના મુખ્ય ચાર **તીર્થધામ** માંહિલું એક તીર્થ એટલે **જગન્નાથપુરી.** ઓરિસ્સા રાજ્યમાં પૂર્વ તરફના સમુદ્ર કિનારા ઉપર સૃષ્ટિના આદિકાળથી જ પ્રતિષ્ઠા પામેલા આ તીર્થધામનો મહિમા 'શ્રી સત્સંગિજીવન' આદિક ધર્મગ્રંથોમાં ખૂબજ વિસ્તારથી કહેવામાં આવ્યો છે. આ શાસ્ત્રોના મત પ્રમાણે ભગવાને કળિયુગના ઘોર પાપીજનોના પાપને દર્શનદાનથી જ ટાળવા માટે આ સ્થાને પોતે **કાષ્ઠની પ્રતિમા**નું સ્વરૂપ તથા અહિંના **પુરુષોત્તમપુરી**ના **ક્ષેત્ર**નું સ્વરૂપ પણ ધારણ કરેલ છે. ભગવાનની જ દિવ્ય ઈચ્છાથી મહાન ભક્ત ઈન્દ્રદ્યુમ્ન રાજાને નિમિત્ત બનાવી હાલમાં દર્શન આપતી અલૌકિક મહાકાષ્ઠની મૂર્તિ કે જેમાં સમુદ્ર માર્ગે ભગવાનની જ પ્રેરણા-સંકેતથી જગન્નાથપુરીમાં પ્રાપ્ત થયેલા અસ્થિ પણ પધરાવેલ છે. તેથી પણ આ ક્ષેત્રનો મહિમા અત્યંત અપાર વૃદ્ધિને પામેલો છે.

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પણ **નીલકંઠવર્ણી વેશે** તીર્થોમાં વિચરણ કરતી વખતે અહિં સં. ૧૮૫૪માં પધાર્યા હતા અને 'શ્રી સત્સંગિજીવન' આદિક ગ્રંથમાં કહ્યા મુજબ સમગ્ર ભારતમાં અતિ ગૌરવભર્યા આ સ્થાનમાં પૃથ્વીના ભારરૂપ બનેલા કેટલાક દુરાચારી અસુરોના નાશ માટે શ્રી જગન્નાથજીની વિનંતિને માન આપીને **દશ માસ** સુધી અહિંના પ્રસિદ્ધ શ્રી **ઈન્દ્રદ્યુમ્ન સરોવર**ને કિનારે જ નિવાસ કરીને રહ્યા હતા અને અહિંના તમામ ક્ષેત્રોને પણ **વિશેષ તીર્થત્વ** આપીને **પાવન** કર્યા હતા.

'साक्षाद्गुरौ सकललोक गुरौ रसाया अन्तर्हिते ननु मुमुक्षुजनैकबन्धौ...' - (શ્રી સત્સંગિજીવન : ૧/૧/૧૮) આ શ્લોકમાં કહ્યા મુજબ સાક્ષાત્ ભગવાન શ્રીહરિના અંતર્ધાન બાદ મુમુક્ષુજનોને સંસારસાગર તરવા માટે એકમાત્ર નૌકા સમાન એવા સાક્ષાત્ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વરૂપ ગણાતા એવા સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન'** ગ્રંથ-શાસ્ત્રની **રચના**ને **૧૮૧ વર્ષ** પૂર્ણ થતાં તેમજ **'શ્રીમદ્ સત્સંગિજીવન'** ગ્રંથ-શાસ્ત્રની કથાનો **સંવાદ, સુવ્રતમુનિ** (શ્રી સ્વરૂપાનંદ સ્વામી) અને ભાડેરના **રાજા પ્રતાપસિંહ**ના માધ્યમથી **સૌપ્રથમવાર** થયો હતો તેને **૧૮૦ વર્ષ** પૂર્ણ થતાં હોય ત્યારે એ જ સ્થાન **ચક્રતીર્થ-જગન્નાથપુરી**માં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, ૧૮૦મા વર્ષે સૌપ્રથમવાર **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૨૫૦મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'**નું **પ.ભ. શ્રી ડુંગરશીભાઈ ગોપાલભાઈ નિસર પરિવાર (નવાગામ-ભચાઉ, કચ્છ હાલ - થાણા)**ના યજમાનપદે **તા. ૨૬-૧૨-૨૦૧૧ પોષ સુદ - ૨** થી **તા. ૩-૧-૨૦૧૨ પોષ સુદ - ૧૦** સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેનાથી આપ સર્વે ભક્તો વિદિત છો.

વિશેષમાં જણાવવાનું કે, યજમાનશ્રીના સંકલ્પ પ્રમાણે ૫૦૦૦ હજાર હરિભક્તોને પોતાને ખર્ચે (ટીકીટ, રહેવા-જમવાનું વગેરે) લઈ જવાના છે. અને અમે એમ વિચારતા હતા કે, જગન્નાથપુરી તો કેટલાક હરિભક્તો આવશે ? પરંતુ

તમોએ છેલ્લા ચિંતનમાં(ઓગષ્ટ-૨૦૧૧) વાંચ્યું હશે કે ૫૦૦૦ હજારને બદલે ૭૦૦૦ ફોર્મ ભરાયા છે. જેને કારણે આયોજક સમિતિ વિચારી રહી હતી કે ૨૦૦૦ હજાર ફોર્મ આપણે મોટી ઉંમરવાળા ભક્તોના કેન્સલ કરી ૫૦૦૦ હજારને લઈ જઈએ. અને બાકીના ૨૦૦૦ હજાર પોતાની રીતે આવે તો તેમને પણ રહેવા-જમવાની વ્યવસ્થા આપણે કરી આપવી. હજુ તો આમ વિચારધારા ચાલુ હતી ત્યાં છેલ્લા ચાર-પાંચ દિવસમાં બીજા ૧૫૦૦૦ હજારથી વધારે ફોર્મ આવી ગયા. જેથી આયોજક સમિતિ ખૂબજ મૂંઝવણમાં મૂકાય કે હવે શું કરવું ? કોને લઈ જવા અને કોને કેન્સલ કરવા ? કારણ કે, લઈ જવાની આપણી વ્યવસ્થા ૫૦૦૦ હજાર હરિભક્તોની હતી.

ઉપરોક્ત બધી હકીકતને અંતે આયોજક સમિતિએ નક્કી કર્યું કે, આપણે કોઈને વ્હાલા-દવલા નથી કરવા. આવેલ તમામ ફોર્મ ભેગા કરી તેની ડ્રો પદ્ધતિથી ૫૦૦૦ નામના ફોર્મ અલગ કરવા અને તેમાં ભગવાન શ્રીહરિની ઈચ્છાથી જેમનું નામ આવે તેમને આપણા આયોજન પ્રમાણે ફ્રી લઈ જવા.

વળી, વિચાર એમ પણ આવ્યો કે, બાકીના ભક્તોને લાભ લેવો હોય તો ? (કારણે કે, જગન્નાથપુરીમાં ૨૦૦ વર્ષમાં આજ પહેલા આવું આયોજન ક્યારેય પણ થયું નથી, તેથી બધા ભક્તોને લાભ લેવાનો સંકલ્પ હોય) આ પ્રશ્નના નિરાકરણ અર્થે છેવટે આયોજક સમિતિએ નિર્ણય એ કર્યો કે, જે ભક્તોને પોતાની રીતે આવવું હોય તેને માટે આપણે રહેવા-જમવાની વ્યવસ્થા ફ્રી કરી આપવી.

વળી, બીજો પણ વિચાર એ પણ કર્યો કે, જગન્નાથપુરી ઘણું દૂર છે, અજાણી વ્યક્તિને ત્યાં કેમ આવવું તેની સમજ પડવી મુશ્કેલ છે. માટે પોતાની રીતે કદાચ ન પણ આવી શકે અને આવવાની ખૂબજ ઈચ્છા છે તો તેને માટે બહુ વિચારીને અંતે પ્રથમ સ્પેશયલ ટ્રેન બાંધવાનું વિચાર્યું. તેનો ખર્ચ પણ ૪૯૦૦ રૂપિયા થતો હતો અને આવવા-જવામાં પાંચ દિવસ બગડતા હતા. તેમાં પણ નાહ્વા-ધોવા અને જમવાની વ્યવસ્થા ઊભી કરવી અતિ મુશ્કેલ જણાતી હતી. જેથી કરીને બહુ વિચાર અને મિટિંગોને અંતે વિમાન બાંધવાનું વિચાર્યું. તો તેનો જવા-આવવાનો ટીકીટ ખર્ચ ૬૮૦૦ રૂપિયા થાય છે. યજમાનશ્રીએ તેમાં પણ ૧૦૦૦ રૂપિયા પોતાના તરફથી આપવાનું કહ્યું, જેથી ટીકીટ ખર્ચ ફક્ત ૫૮૦૦ રૂપિયા જ થાય છે. તેમાં પણ જગન્નાથપુરીથી એરપોર્ટ સ્થળ ભુવનેશ્વર ૫૫ કિલોમીટર દૂરી છે તેના આવવા-જવા માટે સ્પેશયલ બસો કરવામાં આવી તેનો ખર્ચ યજમાન પરિવાર તરફથી ચૂકવવામાં આવશે. જેને કારણે આ વાતની જાહેરાત થતાં ખૂબજ વિમાન ટીકીટો આવી રહી છે, તો હવે સ્પેશયલ વિમાનમાં આવવા ઈચ્છતા હરિભક્તોએ તા. ૨૮-૯-૨૦૧૧ સુધી પોતાનું નામ નોંધાવી દેવું. આ તારીખ સુધી ૫૮૦૦ રૂપિયા ભાડું છે. ત્યારબાદ જો નવા વિમાનો બાંધવાના થાય તો કદાચ થોડો-ઘણો ભાડામાં ફેરફાર થાય તો ભાડું થોડું ઘણું વધ-ઘટ થઈ શકે તેવી શક્યતા રહેશે, તેની સર્વે હરિભક્તોએ ખાસ નોંધ લેવી.

વ્હાલા ભક્તજનો ! આ મહોત્સવ ભગવાન શ્રીહરિની ઈચ્છાથી દિવસે દિવસે વિશાળ ફલકનું રૂપ ધારણ કરતો ગયો. જેને લઈને મહોત્સવમાં આવનાર હરિભક્તોની વ્યવસ્થા માટે જગન્નાથપુરીમાં ૨૦૦ વિઘા જમીન વિસ્તારમાં મહોત્સવનું ભવ્ય અને દિવ્ય આયોજન નિર્માણ થશે. આ મહોત્સવ એટલો મહાન મહોત્સવ સાબિત થશે કે, ફક્ત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય જ નહિ, પરંતુ આજ પહેલા ગુજરાતના કોઈપણ સંપ્રદાય દ્વારા ગુજરાત બહારના તીર્થધામમાં આવો ભવ્ય મહોત્સવ નહિ થયો હોય.

આ મહોત્સવના સ્થળ ઉપર જ વિશાળ સભામંડપ, ભોજનાલય, ૨૫,૦૦૦ હજાર હરિભક્તો રહી શકે તેવી ઉતારાની વ્યવસ્થા, સાથે સાથે શ્રીહરિયાગ યજ્ઞ, સમૂહ મહાપૂજા, અખંડધૂન, મંત્રલેખન તેમજ કથા અંતર્ગત શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવ, અન્નકૂટોત્સવ, રાસોત્સવ, શાકોત્સવ અને બ્રહ્મનિષ્ઠ સંતોના શ્રીમુખે વ્યાખ્યાનમાળા તેમજ મહોત્સવના સંપૂર્ણ દિવસ ધર્મકુળ પરિવારનું સાંનિધ્ય સાંપડશે.

આ મહોત્સવના બધા દિવસો દરમ્યાન ૧૦૦ ઉપરાંત સંતો-પાર્ષદો અને સાંખ્યયોગી બહેનો અને ૫૦૦થી વધારે વિદેશ વસતા એન.આર.આઈ. હરિભક્તો મહોત્સવનો લાભ લેશે. અંદાશે ૨૦,૦૦૦ હજારથી વધારે હરિભક્તો વિમાનના માધ્યમથી મહોત્સવનો લાભ લેવા માટે જગન્નાથપુરી ઉમટશે. આ દિવ્ય પ્રસંગમાં **પ.પૂ. જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી નિશ્ચલાનંદ સરસ્વતીજી મહારાજ** (ગોવર્ધનપીઠ, જગન્નાથપુરી) તેમજ **પ.પૂ. ગજપતિ મહારાજા શ્રી દિવ્યસિંહ દેવ** (મહારાજા ઓફ જગન્નાથપુરી)ના શુભ વરદ્ હસ્તે દિપપ્રાગટ્ય થશે. માટે 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવા દિવ્ય મહોત્સવનો લાભ લીધા વિના રખેને આ અવસર ચૂકાય ન જાય...!!!

**પેજ નં. ૨૯ પર જુઓ....**

(With appln(s) for exemption from filing O.T.,c/delay in filing counter affidavit,permission to file sur-rejoinder affidavit and prayer for interim relief and office report)

Date: 18/07/2011 This Petition was called on for hearing today.

**CORAM :** HON'BLE MR. JUSTICE R.V. RAVEENDRAN HON'BLE MR. JUSTICE A.K. PATNAIK

For Petitioner(s) Mr. C.A. Sundaram, Sr. Adv.

Dr. Rajeev Dhawan, Sr. Adv.

Mr. B.M. Mongukiya, Adv.

Mr. Puneet Jain, Adv.

Ms. Trishna, Adv.

Ms. Pratibha Jain,Adv.

For Respondent(s) Mr. H.P. Raval, Sr. Adv.

Mr. H. Ahmadi, Adv.

Mr. Abhijat P. Medh,Adv.

Mr. K. Parasaran, Sr. Adv.

Mr. P.G. Desai, Sr. Adv.

Mr. Anip Sachthey ,Adv

Mr. Mohit Paul, Adv.

Ms. Shagun Matta, Adv.

Mr. Murgen Purohit, Adv.

UPON hearing counsel the Court made the following O R D E R

No ground is made for interference under Article 136 of the Constitution of India as this petition is filed against an interim order. Special Leave Petition is dismissed.

Having regard to the issue involved,we request the trial Court to dispose of the suit expeditiously, preferably, on day to day basis.

We are informed that in spite of an earlier order of this Court to dispose of the matter expeditiously, the trial Court has not been able to dispose of the matter.We hope that the trial Court will not give room for passing any other order with reference to expeditious disposal of this suit.It is also needless to say that the trial Court will decide the matter on merits with reference to the material placed before it uninfluenced by any observation made by the High Court in the impugned order.

We also make it clear that if the parties have any right to approach the High Court independently for any relief, this order will not come in the way of the parties approaching the High Court.

(Ravi P. Verma) ( M.S. Negi )

Court Master Court Master

નિર્ણય કરેલ. જે આણંદના દાવાની ઉપર Appeal થયેલી તેના ઉપર કોઈ નિર્ણય કરેલ નહિ. તેની સામે બંને Appealના પક્ષકારાએ નામદાર સુપ્રિમ કોર્ટમાં અરજી કરેલી. જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે બંને અરજીને મંજુર કરેલી, અને તા. ૮-૧૨-૨૦૦૬ના રોજ રોજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદદાસજી મહારાજશ્રીની પદભ્રષ્ટતાની યોગ્યતા અને કાયદેસરતા કહેવાતી મહાસભાને છે કે નહિ ? અને રાકેશપ્રસાદની કહેવતા આચાર્ય તરીકેની નિમણુંક તે કાયદેસર અને યોગ્ય છે કે નહિ ? તે અંગે ચકાસણી કરવા માટે નડિયાદ કોર્ટને Direction આપેલ.જેના આધારે નડિયાદની અદાલતમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદદાસજી મહારાજશ્રી પદભ્રષ્ટતા કર્યાના ઠરાવની કાયદેસરતા અને યોગ્યતા એ દાવાના વાદીઓએ (કહેવાતી મહાસભાના સભ્યો) પુરવાર કરવાની છે. (હજુ તે પુરવાર થયું નથી.) તે પ્રકારનો Issue ફ્રેમ થયો છે. જે દાવો હાલ નડિયાદની કોર્ટમાં ચાલુ છે. વાદીઓના (કહેવાતી મહાસભાના) ૫૦થી વધારે સાક્ષીઓ નડિયાદ કોર્ટમાં છે પણ એમાંથી કોઈપણ હજુ તે પુરવાર કરી શક્યું નથી.

Appeal ૬૯/૨૦૦૩ના અનુસંધાનમાં રાકેશપ્રસાદની કહેવાતી નિમણુંક અંગે હાઈકોર્ટે કોઈ જ હકીકત ઉપર નિર્ણય કર્યા સિવાય છેવટે આ Appeal Allow કરેલ હતી. પરંતુ નામદાર હાઈકોર્ટે આ કહેવાતી નિમણુંક કાયદેસર અને યોગ્ય છે કે નહિ તે અંગે કોઈપણ નિર્ણય કરેલ નહિ. જેથી આણંદ કોર્ટના વાદી (હરજીભાઈ ભીમાણી વગેરે)એ નામદાર સુપ્રિમ કોર્ટમાં SLP No : 10448/2006 દાખલ કરેલ, જેમાં નામદાર સુપ્રિમ અદાલતે Notice Issue કરેલ અને તેની સુનવણી તા. ૧૮-૭-૨૦૧૧ના રોજ થતાં નીચેના પ્રમાણેનો હુકમ કરેલ છે. તેમાં કોઈ પણ જગ્યાએ રાકેશપ્રસાદને વડતાલના આચાર્ય તરીકે માન્યતા આપી છે તેવું બતાવ્યું નથી.

**For more information you can contact :**

Madanmohan Patel …. 832 875 2163 (USA) Girish Patel …Ph. 847-517-8787 (USA)

# Supreme Courtનો ઓર્ડર ઓર્ડર અને લીંક

http://courtnic.nic.in/supremecourt/casestatus_new/caseno_new_alt.asp

Click on the left side Manu – Case number and type case no 10448 and select year 2006

Then click on the Case History and Order, select the 18/7/2011 date.

## Supreme Court Order Copy :-

ITEM NO.39 COURT NO.3 SECTION IX

SUPREME COURT OF INDIA

RECORD OF PROCEEDINGS

Petition(s) for Special Leave to Appeal (Civil) No(s).10448/2006

(From the judgement and order dated 05/10/2005 in AFO No. 69/2003 & AFO No.s 9003/2005 of The HIGH COURT OF GUJARAT AT AHMEDABAD)

HARJIBHAI NANJIBHAI BHIMANI & ANR. Petitioner(s)

VERSUS

NAUTAMSWAMY GURU VASUDEV & ORS. Respondent(s)

તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટ આપેલ ઓર્ડર બાબતે

# હરિભક્તોને જાણવા જોગ... જાહેર ખુલાસો

હાલમાં વડતાલ બોર્ડ વતી તેમના ચેરમેન તરફથી જે અખબારી યાદી-જાહેરાતો કરવામાં આવેલ છે તે ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. નામદાર સુપ્રિમ કોર્ટે તા. ૧૮-૭-૨૦૧૧ના ઓર્ડરમાં જે ઓર્ડર કર્યો છે તેનું તાત્પર્ય એટલું છે કે :-

૧) આ કેસ Petition (અરજી) વચગાળાના (Interim order) મનાઈ હુકમ સામેની હોવાથી, ભારતના બંધારણના આર્ટિકલ ૧૩૬ પ્રમાણે નામદાર સુપ્રિમ કોર્ટને વચગાળાના (Interim order) હુકમ પ્રસંગે વિક્ષેપ (Interfere) કરવાનું કોઈ કારણ નથી.

૨) રાકેશપ્રસાદની નિમણુંક કાયદેસર અને યોગ્ય છે કે નહિ તે અંગે પહેલા પણ નીચેની (trial) કોર્ટને (આણંદ-હાલ નડિયાદ કોર્ટને) સુપ્રિમ કોર્ટે દાવો વહેલો ચલાવવા માટેનો ઓર્ડર કર્યો હોવા છતાં પણ નીચેની કોર્ટ દાવો ચલાવી શકી નથી. જેથી હવે નામદાર સુપ્રિમ કોર્ટને નીચેની કોર્ટને ફરીથી આ અંગે ઓર્ડર ના કરવો પડે તે રીતે દાવાનો વહેલો નિકાલ કરવો તેવું જણાવ્યું છે. (જો રાકેશપ્રસાદને સુપ્રિમ કોર્ટે માન્યતા આપી જ દીધી હોય તો નીચેની કોર્ટમાં દાવો શેનો ચલાવવાનો બાકી રહ્યો છે???)

૩) નીચેની (trial) કોર્ટે પોતાની સમક્ષ રજુ થયેલા દસ્તાવેજો અને પુરાવાના (જેવા કે સંપ્રદાયનું બંધારણ, દેશ વિભાગનો લેખ, શ્રીમદ્ સત્સંગિજીવન, શિક્ષાપત્રી વગેરે) આધારે merits ઉપર જ દાવાનો નિકાલ કરવો તેવી સૂચના પણ સુપ્રિમ કોર્ટે તેમના ઓર્ડરમાં કરેલ છે અને નીચેની (trial) કોર્ટને હાઈકોર્ટના ઓર્ડરમાં કરેલા observationના પ્રભાવમાં આવવું નહિ.

આ ઓર્ડરમાં રાકેશપ્રસાદનું નામ સુધ્ધા પણ નથી કે વડતાલના આચાર્યના હાલના વિવાદના અંગે કોઈ તારણ કાઢેલું નથી. જેથી છાપાઓ, મીડિયા વગેરેમાં વડતાલ બોર્ડ ચેરમેનશ્રીએ આપેલી અખબારી યાદી દ્વારા કરાવેલ જાહેરાતોમાં જણાવેલ છે કે રાકેશપ્રસાદને સુપ્રિમ કોર્ટે વડતાલના આચાર્ય તરીકે માન્યતા-સ્વીકૃતિ આપી દીધી છે. તેમ કહેવું ખોટું છે અને હરિભક્તોને ગુમરાહ કરી તેમને માનસિક ત્રાસ આપવાનું આ એક લાંછનીય કૃત્ય છે.

આ હકીકતના વધારે ખુલાસાની સત્યતા માટે Supreme Courtનો ઓર્ડર અને લીંક નીચે મુકેલ છે.

**Background information (Relevant history) regarding the current order of Supreme Court Dated July 18, 2011.**

કેટલાક સાધુ અને કેટલાક હરિભક્તો પોતાની કહેવાતી મહાસભાના ઓથ નીચે સંપ્રદાયના ધાર્મિક બંધારણ અને પરંપરાની વિરુદ્ધ જઈને ગેરકાયદેસર અને મનસ્વી રીતે રાકેશપ્રસાદ નામના વ્યક્તિને બનાવટી આચાર્ય બનાવવાનું લાંછનીય કૃત્ય કરેલ. જેની સામે સંપ્રદાયના જાગૃત સત્સંગી હરિભક્તો અને સંતોએ કહેવાતી નિમણુંકને આણંદની સિવિલ કોર્ટમાં તા. ૧૬-૨-૨૦૦૩ના રોજ પડકારેલી. જેમાં આણંદની નામદાર કોર્ટે આ કહેવાતી નિમણુંક તે દેશ વિભાગના લેખ તેમજ સંપ્રદાયના ધર્મશાસ્ત્રો અને નામદાર હાઈકોર્ટ કરેલી સ્કીમની જોગવાઈને નેવે ચડાવી અને ગેરકાયદેસર નિમણુંક કરી હોય તેવું જણાતા રાકેશપ્રસાદની સામે વચગાળાનો મનાઈ હુકમ નીચે પ્રમાણે ફરમાવેલ.

"The appointment of the Acharya has been made during the midnight throwing aside all the provisions of religious books and the conventions and appointment of Acharya has been made very hastily just to make the A.O. 421/2002 anfractuous . therefore if defts are directed to observe all the provisions of the religious books regarding qualifications, honesty etc as stated above and also directed to obtained permission as far as A.O.421/ 2002 is concerned and the scheme framed by the Hon'ble High Court is concerned it would meet with the ends of justices. Therefore I pass the following interim order."

જેની સામે વડતાલ બોર્ડે ગુજરાત હાઈકોર્ટમાં Appeal from Order ૬૯/૨૦૦૩ દાખલ કરેલ અને નામદાર હાઈકોર્ટે આણંદની કોર્ટને સ્ટે કરેલ અને તે દાવાને Appeal from Order 421 (જે નડિયાદમાં ૧૫૬/૨૦૦૨ ચાલે છે અત્યારે)ની સાથે સુનવણી કરવા આદેશ કરેલ. નામદાર હાઈકોર્ટે પ્રથમ માત્ર Appeal from Order 421 તેનોજ

વધુ વિગત માટે પાછળ જુઓ...











જૂનાગઢ પ્રદેશના માણાવદરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષપદે તેમજ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે અને સોરઠવાસી ભક્તોના સહિયારા પુરુષાર્થથી યોજાયેલ દ્વિતીય 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબર' (તા. ૬ થી ૧૦-૯-૨૦૧૦)

Shree Swaminarayan Chintan, September - 2011 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC_Posted at Rajkot RMS on 20th each month. License to post W.P.P No. G.PMG-RJT/018/2011















જૂનાગઢને આંગણે ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી રાધારમણાદિ દેવોના સાંનિધ્યમાં યોજાયેલ 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી' તેમજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો '૬૩મો જન્મોત્સવ'માં ઉપસ્થિત પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-હરિભક્તો. (૨૧/૨૨-૮-૨૦૧૧)

છબીકલા : શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત (મો. ૯૪૨૮૬૯૫૫૧૩), શિવલાલ સુદાણી - મો. ૯૮૭૯૨૬૯૫૪૦

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji